
# અધ્યાત્મ




વર્ષ : ૨૨ સપ્ટેમ્બર : ૨૦૦૧ અંક : ૧૨

## * અનુભવની જરૂર *

કેટલાક એમ માને છે કે પોતે આત્મસ્વરૂપ છે. એવો દૃઢ નિશ્ચય કરવાથી બધું કામ થઇ જાય છે. જીવનમાં શોક, મોહ ને વિષાદ દેખાય તો ભલે. મનમાં માની લેવામાં આવે કે આપણે તો નિત્યમુક્ત ને શુદ્ધબુદ્ધ આત્મા છીએ. એટલે આપણું કામ પૂરું થાય છે. ને આપણે મુક્તિનો ઇજારો મેળવી લઇએ છીએ. તેમની માન્યતા સંબંધી આપણે એટલું કહીશું કે એકલા દૃઢ નિશ્ચયથી કશું જ કામ નહીં થાય. ગમે તેવો દૃઢ નિશ્ચય હોય, પણ તેની પાછળ જો અનુભવનું પીઠબળ નહિ હોય, તો શાંતિ કે મુક્તિ ભાગ્યે જ મળી શકશે. આત્મજ્ઞાન કાંઇ વાતો કરવાની વસ્તુ નથી. આપણે જે આત્મજ્ઞાનની વાત કરીએ છીએ તે મુખ્યત્વે અનુભવનું જ્ઞાન છે. તે માટે પુસ્તકોની મદદ કે બીજી મદદ લેવાની જરૂર તમને જણાતી હોય, તો ભલે, તેવી મદદ તમે લઇ શકો છો, પણ તે લઇને છેવટે તો તમારે અનુભવના આગળના પ્રદેશમાં જ પ્રવેશ કરવાનો છે. તે વિના શાંતિ ભાગ્યે જ મળી શકે. આપણે આત્મસ્વરૂપ છીએ એવો દૃઢ નિશ્ચય હોવા છતાં કેટલીક વાર તે નિશ્ચયમાંથી ડગી જવાય છે. તેનું કારણ શું? કારણ એ જ કે અનુભવની ઉણપ.

યોગેશ્વરજી

# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક

છૂટક નકલ ૪–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૨૫–૦૦
વિદેશમાં રૂા. ૨૫૦–૦૦ (વિમાનથી)

⊗ **સંસ્થાપક :** પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચે. ટ્રસ્ટ (રજી. અમદાવાદ).

⊗ **તંત્રી–સંપાદક :** શ્રી નારાયણ હ. જાની.

⊗ **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન :** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧.

⊗ **અધ્યાત્મના સહાયક સ્વજનો :** ૧. ડો. બી. જે. જાગાણી, ૨. શ્રી ગોરધનભાઇ કલોલા અને ૩. શ્રી જ્યોત્સ્નાબેન ભરતકુમાર ત્રિવેદી.

⊗ **તંત્રી, મુદ્રક અને પ્રકાશક :** નારાયણ હ. જાની. ફોન : **૫૬૫૮૧૧**

⊗ **મુદ્રણસ્થાન :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪સી–૧, બોરડીગેટ, ભાવનગર–૧. ફોન : **૫૧૬૫૫૧**

### લેખકોને નિમંત્રણ

⊗ અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે. ⊗ લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

⊗ ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો. ⊗ 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો. ⊗ 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે. ⊗ પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે. ⊗ 'અધ્યાત્મ'અંગે કોઇ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે. ⊗ દર મહિનાની તા. ૧૦ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

# * અનુક્રમણિકા *


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૩ |
| સેવાના અભિગમે શ્રદ્ધાની સમીપે | શ્રી રાજુવ જાની | ૯ |
| કઠોપનિષદ્ (૪) | યોગેશ્વરજી | ૧૭ |
| કૃપાપ્રસંગ | કલ્યાણ | ૨૨ |
| એક વિદ્વાન લેખકનો ભાવપૂર્ણ પત્ર | એક સાધક | ૨૭ |
| શ્રી જે. કૃષ્ણમૂર્તિ અને જીવનયોગ | પ્રો. ડો. હરીશ વ્યાસ | ૩૧ |
| અરવિંદ આશ્રમમાં | યોગેશ્વરજી | ૩૫ |
| ધ્યાન અને વિચારો | કાર્તિકેય ભટ્ટ | ૪૩ |
| પૂ. માની નિશ્રામાં સ્વર્ગારોહણનો સ્વર્ગીય આનંદ | ડો. બી. જે. જાગાણી | ૪૮ |
| તીર્થયાત્રા | જ્યોત્સ્ના ત્રિવેદી | ૫૯ |
| રામકથા | યોગેશ્વરજી | ૬૧ |





# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો
—મા સર્વેશ્વરી

વર્ષ : ૨૨ સપ્ટેમ્બર–૨૦૦૧ અંક : ૧૨


## શ્રી યોગેશ્વર કથામૃત


મા સર્વેશ્વરી


**તા. ૨૭/૮/૮૧ ગુરુવાર, શ્રાવણ વદ તેરસ, ૨૦૩૭**

**સ્થળ : શ્રી હિન્દુ મંદિર, લેસ્ટર શહેર, ઇંગ્લેન્ડ**

વિદેશની ધરતી ઉપર વીસમો દિવસ. મૌનમંદિરની શાંતિનું સ્મરણ થાય એવી શાંત ભૂમિ. મોટેથી બોલવું, ગાવું કે માર્ગ ઉપર રેડિયાના, જાહેરાતના અવાજો કે મોટરનાં હોર્ન કશું જ નહીં. ખૂબ શાંતિ. હા. દિવસમાં એકવાર આ શેરીમાં મ્યુઝીક વગાડતી એક ગાડી આવે છે. તેમાં પાઉં, આઈસક્રીમ વગેરે વેચવામાં આવે છે. પણ તે ગાડી એક બે સેકન્ડ જ મ્યુઝીક વગાડે. લોકોને જાણ કરવા પૂરતું જ.

ઓરડાની બારીમાંથી રસ્તા ઉપર કચરો સાફ કરનારા જોવા મળ્યા. કેસરીરંગના યુનિફોર્મ, હાથમાં ઊંડી સૂપડીજેવું સાધન

જેનાથી ઊભા ઊભા જ કચરો બ્રશથી ભરી શકાય. ગાડીમાંથી પોતે ઊતરીને કચરો સાફ કરી ગાડીમાં નાંખી દે. ખાસ કચરો ક્યાંયે જોવા ન મળે.

અહીંના મકાનોની બાંધણી એકસરખી. ફૂટપાથ એક સરખી. રસ્તાઓ એકસરખા પહોળા. ગમે તેટલો વાહનવ્યવહાર હોય પણ બધા શાંતિથી જ આવ–જા કરે. શિસ્તપાલનની ભાવના ઉત્તમ.

વૃદ્ધ સ્ત્રીપુરુષો જો સ્વતંત્ર રહેતા હોય તો ખર્ચપેટે પચાસ પાઉન્ડ ને ભાડે ઘર હોય તો અઠવાડિયે સોળ પાઉન્ડ ભાડાપેટે સરકાર આપે. સરકારની મદદ સારી મળે.

રસ્તા પસાર કરવા માટે ફૂટપાથ ઉપર ક્રોસીંગની જગ્યાએ થાંભલા હોય છે. ત્યાં સ્વીચ હોય છે ત્યાં બેલ વગાડી શકાય એટલે તરત જ લાલ લાઇટ થઇ જાય. જેથી વાહનો સહજ રીતે ઊભાં રહી જાય ને આપણે સહેલાઇથી રસ્તો પસાર કરી શકીએ. ભૌતિક સગવડો જાહેર જનતાને માટે ઘણી સારી જોવા મળે છે.

પૂ. શ્રીનો નિત્યક્રમ કદી પણ અનિયમિત થતો જ નથી. નિયમિત સૂર્યોદય, નિયમિત પૂ. શ્રીનો જીવનક્રમ. પછી દેશ કે વિદેશ. ઘર કે જંગલ. જ્યાં પણ હોય ત્યાં એ જ નિયમિતતાનાં દર્શન થાય છે.

સ્નાન, વ્યાયામ, ગીતાપાઠ, દૂધ પીવું ને લેખન શરૂ થાય. આજે સવા અગિયાર વાગ્યાસુધી લેખન ચાલુ રહ્યું. પછી ગુરુવાર હોવાથી સાંઇબાબાની સ્તુતિ સર્વેશ્વરી સાથે બોલાય છે.

ત્યાં તો મુલાકાતીઓ અંદર આવવા માટે બેલ વગાડે છે. પરંતુ પૂ. શ્રીએ કહ્યું જેને આવવું હોય તે સાડા અગિયાર વાગ્યે જ આવે. ન આવવું હોય તો વહેલા આવીને મળ્યાવિના ભલે



ચાલ્યા જાય. પણ સમય એટલે સમય.

પૂ. શ્રીની એ સૂચનાથી સર્વેશ્વરી બારણું ખોલતાં નથી. સમય થયો ત્યારે જ બારણું ખૂલ્યું.

આજે શ્રી દ્વારિકાદાસ ને બીજા બે ચાર ભાઇઓ આવીને બેઠા છે.

શ્રી દ્વારિકાદાસને ભારત જઇને બધા સંતોનાં દર્શન કરવાં છે. પૂ. શ્રી સાથે તેઓ વાતો કરે છે.

પૂ. શ્રી : જવું હોય તો જાઓ. સંતદર્શનની ભાવના સારી છે. પણ જેને કંઇક મેળવવું છે, તે આ રીતે બધે દોડાદોડ કરે તે હવે સારું નહીં. ભારત જાઓ એટલે પૈસાનું પાણી, શરીરનું પાણી, સમયનું પાણી, ભોજનનું પાણી અરે, તમારી શ્રદ્ધાનું પણ પાણી.

મંત્ર તો તમને મળી ગયો છે. તેને જ જપવા માંડો. ને તમે જ સિદ્ધ બની જાઓ. તમે હમણાં દર્શને જાઓ છો, પછી લોકો તમારા દર્શને આવે એવા સાધનામાં દટાઇ જાઓ.

એક ભાઇ જ્ઞાનના ગર્વ સાથે ગીતાના શ્લોકની ચર્ચા કરવા આવ્યા છે. પૂ. શ્રીએ તેમને સાચા ને શાસ્ત્રીય શ્લોક સાથે ઉત્તરો આપ્યા. જેથી તેમને અધકચરા જ્ઞાનની સમજનું ભાન થયું. સૌ વિદાય થયા.

આજે શ્રી વિજયાબેનને ત્યાં જતાં પહેલાં શ્રી ગોવિંદભાઇ પોતે જ્યાં મેનેજર છે. ત્યાં પેટ્રોલપંપ ઉપર લઇ ગયા.

પેટ્રોલ ભરવાના ચાર પંપ હતા. ઓફિસમાં બેઠા બેઠા કયા નંબર ઉપર કેટલું પેટ્રોલ ને કેટલા પૈસાનું ભરાયું તેની માહિતી ટેબલ ઉપરના મશીનથી મળી જાય. દરેકે જાતે જ પેટ્રોલ ભરવા-નું રહે. પેટ્રોલ ભરી આપનાર કોઇ નોકર ન હોય. પેટ્રોલપંપની

મોટી ઓફિસ જેમાં સૂટકેશ, બ્રીફકેશ, ટેબલ, ખુરશી, આરામ-ખુરશી, ઓશીકાં, બીસ્કીટ, ચોકલેટ વિગેરે વેચાય.

શ્રી ગોવિંદભાઇએ પૂ. શ્રીને એક નાની બ્રીફકેશ જે પાસ-પોર્ટના કાગળો વગેરે મૂકવા કામ આવે તે ભેટ સ્વીકારવાની આગ્રહભરી વિનંતિ કરી. સર્વેશ્વરીને એક સૂટકેશ ભેટ આપવા પણ આગ્રહ કર્યો. બંનેએ કહ્યું. અમારી પાસે પાસપોર્ટના કાગળો મૂકવા નાની થેલી ને કપડાં માટે સૂટકેશ છે. જેથી તમારી ભેટ લઇને શું કરીએ?

શ્રી ગોવિંદભાઇની ભાવનાને મનોમન ધન્યવાદ અર્પી શ્રી વિજ્યાબેનને ત્યાં જવાનું બન્યું. ખીચડી, કઢી, બાજરાના રોટલાનું ભોજન લીધું.

ભોજન બાદ દરરોજની જેમ કંઇક ને કંઇક ચર્ચા નીકળી. એક પ્રશ્નના ઉત્તરમાં પૂ. શ્રી હિમાલય કેવી રીતે ગયા તેની વિગતવાર વાતો થઇ. રસપ્રદ વાતો હતી, પણ સમય આગળ વધી રહ્યો હતો તેથી સૌ ઊઠયા.

માર્ગમાં તડકે ઊઘાડા શરીરે બેઠેલા અંગ્રેજ સ્ત્રીપુરુષો જોવા મળ્યાં. ઇંગ્લેન્ડમાં આવો તડકો કોઇક વાર જ મળે છે.

ઉતારા ઉપર આવી આરામ. થોડા આરામ બાદ પૂ. શ્રી લેખન કરે છે. સર્વેશ્વરી રામાયણનું પારાયણ ૫–૪૫ સુધી કરે છે.

દરરોજની જેમ પછી દૂધ ગરમ કરી બંને દૂધ લે છે. દૂધ પીધા બાદ પૂ. શ્રી ઓરડામાં શાંતચિત્તે આંટા મારે છે. સર્વેશ્વરી ડાયરીનોંધ કરે છે.

આજે સાંજની મુલાકાતમાં એક ભાઇ પૂ. શ્રીને શાલ ને સર્વેશ્વરીને સ્વેટર આપવા ઇચ્છે છે. ફરીથી તે બંને વસ્તુ પ્રસાદી-



રૂપે તે ભાઇને આપી દેવાનું બને છે. તે ભાઇને ખૂબ દુઃખ થયું. તેમણે કહ્યું. "આજે હું ઘણી દુકાને ફર્યો ત્યારે મને ગમે તેવી શાલ મેળવી શક્યો ને આપ એનો અસ્વીકાર કરો છો!"

પૂ. શ્રી : ભારત તમે આવો ને આપો તોપણ અમે ખાસ સ્વીકારતા નથી અને ધારોકે લઇએ તો ત્યાં તો ઘણા ગરીબો જેને તે વસ્તુ આપી શકાય. ને તે વસ્તુનો સદ્ઉપયોગ થાય.

સમયસર પ્રવચન થયું. પ્રવચનને અંતે ભજન પણ દરરોજ-ની જેમ સર્વેશ્વરી ગવડાવે છે. સૌ પ્રણામ કરે છે. ત્યાં શ્રી જયાબેન પૂ. શ્રીની સાથે વાતો કરે છે. 'ગઇકાલે આપે મને ધ્યાનની વિધિ બતાવી એ મુજબ આજે હું મંત્રજપ કરવા બેઠી. બે ભ્રમરની મધ્યમાં દૃષ્ટિ સ્થિર કરી ત્યાં જ તમારી કૃપાથી થોડી જ વારમાં પ્રકાશ દેખાયો ને ભગવાનની આકૃતિનો ઝાંખો આકાર આવવા લાગ્યો. મેં આંખ ખોલી નાંખી. મારાથી ખૂબ ખૂબ રડાઇ ગયું. હું દરરોજ આ રીતે ધ્યાનમાં બેસી શકું, એવા આશીર્વાદ આપો.

શ્રી જયાબેનને ઉત્સાહ આપતાં પૂ. શ્રીએ કહ્યું, દરરોજ બેસજો. વધારે ને વધારે કૃપાના અનુભવો થતા રહેશે.

શ્રી રૂક્ષ્મણીબેન કહેવા લાગ્યાં. ગુરુજી હું જે દિવસે રજા લઇને આપને ખાસ મળવા આવી તે જ દિવસે મને સામેથી બોલાવીને કામમાં પ્રમોશન આપ્યું. હવે એક કામ છે તે પણ તમારી કૃપાથી થઇ જશે એવી શ્રદ્ધા છે.

પૂ. શ્રી : હિંમત ન હારવી. પ્રભુ સારું જ કરશે. પ્રભુનું સ્મરણ કર્યા કરવું.

શ્રી રૂક્ષ્મણીબેન અને એમના પતિ નિયમિત પ્રવચનમાં આવે

છે. તેમને ભજન ને પ્રવચનની ટેઈપ ભારતથી મંગાવવી છે. સર્વેશ્વરી એ માટે માહિતી આપે છે. બંને ખૂબ ભાવિક ને શ્રદ્ધાળુ છે.

વિદેશની આ ધરતી ઉપર પૂ. શ્રી સાથેની આ યાત્રા પ્રસન્નતાથી ચાલી રહી છે. પ્રભુની ઇચ્છા પ્રમાણે અહીં આવવાનું, રહેવાનું બને છે. (ક્રમશઃ)

પ્રાર્થનાનો આશ્રય સર્વાવસ્થામાં લઈ શકાય છે એને માટે કોઈ વિશેષ વિધિની આવશ્યકતા નથી. છતાં કોઈ આગ્રહ હોય તો તે આવો હોઈ શકે. સ્વચ્છ થઈને પવિત્ર સ્થાનમાં આસનપર બેસી પ્રભુ સામે જ છે, પછી ભલે તે દેખાય કે ના દેખાય, તેવા ભાવથી તેને આત્મનિવેદન કરવું.

યોગેશ્વરજી

ઘ. : ૪૬૩૪૩૧ ઓ. : ૩૬૨૪૩૭
: ૪૮૦૪૨૮ : ૩૬૦૩૭૬

ખેતીની સિંચાઈ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
-: બનાવનાર :-

કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ
૧/W, ભક્તિનગર ઈન્ડસ્ટ્રીઅલ એસ્ટેટ, રાજકોટ-૩૬૦૦૦૨



# સેવાના અભિગમે શ્રદ્ધાની સમીપે

રાજીવ જાની

શું ભૂકંપ પણ કોઈના માટે આશીર્વાદરૂપ બની શકે? ના, એણે તો કચ્છની ધરતીને ખેદાન મેદાન કરી નાંખી. લાખો લોકોનાં આવાસો જમીનદોસ્ત બનાવી દીધાં, અનેક મનુષ્યો તથા પ્રાણીઓએ પોતાના પ્રાણની આહુતિ આપવી પડી. કેટલાંય લોકોએ પોતાના સ્વસ્થ શારીરિક અંગોથી વંચિત બનીને લાચારી ભોગવવી પડી, તો કેટલાંક વળી માનસિક અસ્થિરતાનો ભોગ બન્યાં. અનેક બાળકો પોતાના માતાપિતાની છત્રછાયા ગુમાવી અનાથ બન્યા તો કેટલાય વડીલોએ પોતાના વ્હાલસોયા સંતાનોને ચિરવિદાય આપવી પડી.

પૂ. મા'ને એની ગંભીરતાનો ખ્યાલ આવ્યા પછી મા' શાંત કેવી રીતે બેસી શકે? માનવસેવા માટે જ જેમણે ભેખ ધર્યો છે, જનકલ્યાણને જ જેણે પોતાના જીવનનું પરમ લક્ષ્ય બનાવ્યું છે, જેમની ગુરુભક્તિ અને સમર્પણભાવમાં પણ જનસમુદાયના આત્મિક ઉત્થાનનો પ્રેરણા પાઠ છૂપાયેલો નથી એવું કોણ કહી શકશે? લોકહિતાર્થે સતત એકધારાં કાર્ય કરતાં પૂ. મા'ને નજીકથી જોવાનો લ્હાવો મેં માણ્યો છે. એમનું નાનામાં નાનું કાર્ય પણ નિર્માણલક્ષી હોય છે.

અને કાર્યનો શુભારંભ થઈ પણ ગયો એક જ દિવસમાં. મા'એ લગભગ ૪૦૦૦ જેટલાં Food Packets તૈયાર કરી ભૂકંપગ્રસ્ત વિસ્તારમાં રવાના કરી દીધાં. પૂ. મા'એ સાથે જનારા

સેવકોને ખાસ સૂચના આપી હતી કે, 'અંદરનાં ગામડાંમાં જ્યાં કોઈ સહાય પહોંચી ન હોય તેવી જગ્યાએ વહેંચજો, અને હવે પછી એમની શી જરૂરિયાત છે, તેનું ખાસ Survey કરજો.' સદ્‌ભાગ્યે એ સેવકોની ટૂકડીમાં મને પણ જવાનો મોકો મળ્યો હતો. એ વખતે હૃદય મિશ્રિત લાગણીઓનો અનુભવ કરતું હતું. એક બાજુ ભૂકંપનો ભોગ બનેલા લોકોનો વિચાર કરી દુઃખી થતું હતું, તો બીજી બાજુ બચી ગયેલાને મદદરૂપ થવાનો વિચાર આનંદિત કરતો હતો. પ્રથમવાર જ ભૂકંપના વિનાશક દૃશ્યોને આટલી નજીકથી જોવાનો પ્રસંગ હતો. કોઈ પણ વ્યક્તિ સ્તબ્ધ બની જાય એવાં એ દૃશ્યો હતાં. પાષાણહૃદયીના હૈયાને પણ હલાવી નાંખે તેવી વિનાશકતા હતી.

જ્યાં જુઓ ત્યાં બધું ખંડેર બની ગયેલું, કાટમાળના ઢગલા રહી ગયેલા. સ્વજનોનાં રુદન, અંગોથી અપંગ બની ગયેલા લાચાર વ્યક્તિઓને અપાતી સામાન્ય સારવાર, નિરાશ્રિત બનેલા લોકો સામાનમાં એક પોટલા સાથે Food Packetsના આધારે પોતાનું ગુજરાન ચલાવતાં હતાં. આ બધાં દૃશ્યો જોઈને મેં મારા અશ્રુને રોકવાનો નિરર્થક પ્રયાસ કરી જોયો. પરંતુ આ બધાની વચ્ચે એક આનંદની વાત એ હતી કે અનેક સેવકો પોતાની સેવાની ફરજ બજાવવા ત્યાં હાજર થઈ ગયા હતા. ખાદ્યસામગ્રી અને બીજી જરૂરી ચીજવસ્તુથી ભરેલાં વાહનોની વણજાર પણ સતત ચાલુ હતી. એ દૃશ્યે પણ મને ખૂબ રોમાંચિત કરી દીધો. ચાલુ રહેલા આંચકાની વચ્ચે પણ પોતાના જીવનની પરવાહ કર્યા વગર ભૂકંપગ્રસ્ત વિસ્તારની મદદે સ્વયં સેવકો આવી પહોંચ્યા હતા. 'માણસાઈ' શબ્દનો સમ્યક અર્થ અહીં જોવા મળ્યો. જાણે માનવતાએ કુદરત સામે પડકાર ના ઝીલ્યો હોય! એવું એ દૃશ્ય



હતું. તો બીજી બાજુ ગામના આગેવાન જે ગામ વતી સામગ્રી સ્વીકારતા તે સામેથી કહેતા, અમને સામગ્રી મળી છે. તમે અમુક ગામે જાઓ, ત્યાં જરૂર છે.' સાચે જ મને ગર્વ થાય છે કે હું ભારત જેવા ગૌરવશાળી દેશનો વતની છું. હું જાણું છું કે કેટલાંક અનિષ્ટ તત્ત્વો પણ એમાં છે. પરંતુ તેનાથી નિરાશ થવા કરતાં ગર્વ લેવાનું વધુ પસંદ કરીશ. અને આ વાત હું મા પાસેથી જ શીખ્યો છું. મા હંમેશાં બીજી વ્યક્તિના અવગુણ, દોષ કે ખામી-ઓને નજરઅંદાજ કરીને તેની અંદર રહેલી વિશેષતા કે ગુણ-દર્શનને પ્રકાશીત કરી પોતાના પ્રેમાળ સ્પર્શદ્વારા તેને ઉન્નતિના માર્ગે આગળ દોરી જાય છે.

અમારી પાસેથી અહેવાલ મેળવ્યા બાદ માએ અનાજ લોટ, મસાલા અને ધાબળા જેવી સામગ્રી પણ પહોંચાડી. 'સ્વર્ગા-રોહણ'માંથી પણ તાત્કાલિક બધા ધાબળા કઢાવી માએ મોકલી આપ્યા. મધ્યમવર્ગના જરૂરિયાતમંદ પરિવારોને આર્થિક સહાય પણ આપી. માનું મન અત્યારે સતત તેઓની જરૂરિયાત વિશે જ વિચારતું હતું.

જ્યારે માએ જાણ્યું કે સ્વૈચ્છિક સંસ્થાઓ અને સેવાભાવી ટ્રસ્ટો તરફથી જીવન જરૂરી સામગ્રી વિપુલ પ્રમાણમાં આવી રહી છે, ત્યારે હવે માએ પોતાની નજર ભૂલકાઓ તરફ વાળી અને માતા અન્નપૂર્ણા તથા લક્ષ્મીજીનો પાઠ બદલી માતા સરસ્વતીના અભિનય માટે સજ્જ બન્યાં. માતા સરસ્વતી ભણતર વિહોણા બાળકોને તો કેવી રીતે જોઈ શકે? કામ ચલાઉ ગેલ્વેનાઈઝ પતરાંના પાકા ટેન્ટરૂપી શાળા બનાવવાનું નક્કી થયું. જેથી બાળકો ભૂકંપની વિનાશકતાને ભૂલી પોતાનું ધ્યાન ભણવામાં લગાડી શકે. અને શ્રી રાજુભાઈ જાનીના માર્ગદર્શન હેઠળ રાજકોટ અને

મોરબીના યુવક મંડળે ખૂબ જ ઉત્સાહ સાથે એ કામ ઉપાડી લીધું અને માના જય જયકાર સાથે રાત–દિવસ મહેનત કરી ભૂખ–તરસને ગણકાર્યાવિના ૨૮ ગામોમાં ૧૫૪ ઓરડાઓ બાંધી આપી શાળાઓનું નિર્માણકાર્ય કરી પણ દીધું. માતા સરસ્વતીના રૂપમાં પૂ. માએ જાતે દરેક શાળામાં જઇ ૩૦૦૦ કરતાં વધારે દફતર, પુસ્તક, નોટબુક કંપાસ લંચબોક્ષ વગેરેનું વિતરણ કર્યું અને પ્રસાદમાં બિસ્કિટ ચોકલેટ તો ખરાં જ, બાળકોના આનંદનો પાર ના રહ્યો. દરેક બાળકના વદનપર પ્રસન્નતા જોઇ મા પણ પ્રસન્ન બનતાં. એ વાત હવે આપણાથી ક્યાં અજાણી છે કે માને આપવામાં હંમેશા અસંતોષ જ રહે છે. અને આટલાથી જ અટકે તેમ પણ ક્યાં હતાં?

છેવટે માએ સાત ગામોમાં પાકી શાળા બનાવવાનો નિર્ણય કર્યો અને ત્રણ મહિનાના નિર્ધારિત સમયમાં જ આ કાર્ય પૂરું કરવાનું હતું. જેથી બાળકોના ભણતરમાં વધુ વિલંબ ના થાય. ફરી એક વાર રાજુભાઇ જાનીના માર્ગદર્શન હેઠળ કામ શરૂ થયું. અને પૂ. માની આજ્ઞાથી આ કામની જવાબદારી શ્રી મનીષભાઇ ભોજાણી અને શ્રી તારકભાઇને સોંપવામાં આવી. ૧૦ એપ્રિલ ૨૦૦૧ થી દરેક ગામમાં પાયાના ચણતરનું શુભ મુહૂર્ત પૂ. માના વરદહસ્તે કરવામાં આવ્યું. પૂ. માએ ધગધગતા ધોમ તડકાની વચ્ચે ખોદાયેલા પાયાના દરેક ભાગોમાં ફરી પોતાના ચરણકમળો દ્વારા એને પાવન કરી, ગંગાજળના છંટકાવ સાથે એને પવિત્ર બનાવ્યું. ચણતર માટેની પહેલી ઇંટ પણ મૂકી. એના સુંદર નિર્માણ માટેની પ્રાર્થના પણ કરી. પંડિતજીએ પણ પોતાના યોગદાનરૂપે સુંદર મંત્રોચ્ચાર સાથે વિધિવત્ પૂજન કરાવ્યું.

માએ બાંધકામ માટે એન્જીનીયર અને સલાહકાર તરીકે શ્રી



તારક વ્યાસની નીમણૂંક કરી, અને તેમના મદદનીશ તરીકે હેમલ મહેતા, સ્નેહલ પુરોહિત અને મોરબીના જ વતની અમિતની પસંદગી થઇ. એક પણ દિવસના વિલંબ વગર કાર્ય શરૂ થઇ ગયું. ધાર્યા કરતાં કામ ઘણું અઘરું હતું. ફક્ત ત્રણ જ મહિનામાં ૩૮ ઓરડાનું પાકું બાંધકામ અને બીજી સુવિધાઓ પૂરી પાડવા-ની હતી. તો બીજી બાજુ મે મહિનાનો સમય હતો. સૂર્યદેવતા ઉપરથી અગનગોળાની વર્ષા કરતા હતા. અને અમુક ગામો વચ્ચે અંતર પણ ઘણું હતું. એટલે સેવકોએ શરૂઆતમાં ક્યારેક પદ-યાત્રાનો અનુભવ પણ કરવો પડતો. છતાં એમના ઉત્સાહને એમણે આંચ પણ આવવા દીધી ન હતી. આ તો માતા સરસ્વતી-(પૂ. મા)નો સંકલ્પ, પછી વળી નિરાશા કેવી? ક્યારેક તો ગામ લોકોને પણ તેમના આ ઉત્સાહને જોઇ નવાઇ લાગતી. પ્રત્યુત્તર-માં તેઓ જણાવતા કે, “આતો અમારું સદ્દભાગ્ય કહેવાય કે અમને સેવાનો મોકો મળ્યો છે. સાચે જ એમણે અથાગ પરિશ્રમ અને સમર્પણભાવદ્વારા ગામ લોકોને પૂ. માનો પરિચય આપી દીધો. શબ્દોદ્વારા અપાતા પરિચયમાં આપણે પૂ. માને પૂરો ન્યાય પણ ક્યાં આપી શકીએ છીએ?” ચારેય સેવકોએ પોતાના આ સેવાના અભિગમદ્વારા ગામલોકોના હૃદયમાં શ્રદ્ધાની જ્યોત પ્રગટાવી દીધી. તો બીજી બાજુ પોતાને માનવામાં ન આવે એવી ઘટનાઓ દ્વારા ક્યારેક પૂ. માની દિવ્યતાનો અનુભવ પણ માણવા મળતો. કાર્યની પૂર્ણાહુતિ વખતે ચારેયે આ વાતને સમર્થન આપ્યું અને એ દ્વારા એમની અંદર રહેલો શ્રદ્ધાનો દીપક પણ પૂર્ણ પ્રકાશિત બની ઝળહળી ઊઠયો. શ્રદ્ધાથી પરિપ્લાવિત બનેલા એ સેવકોની સેવાના આ અભિગમને મારા અંતરના પ્રણામ.

ખરેખર એમ થાય કે એ ચારેય સેવકોને યોગ્ય પુરસ્કાર આપી સન્માનવા જોઇએ. પરંતુ આ તો પૂ. માના બાળકો કહેવાય,

તેમને મળતી પ્રસિદ્ધિ નહિ, પણ એમને થતી પ્રસન્નતાએ જ પોતાના પરિશ્રમના પુરસ્કારમાં માનનારા. છતાં સામે પક્ષે પૂ. મા હતાં કે આપવું જ. એ જ જેના મંગલ જીવનનો મહામંત્ર હોય તે આપ્યા વગર કેવી રીતે રહી શકે? પૂ. માએ બધાને મહાપ્રસાદ અર્પણ કર્યો. હવે તેમની પ્રસન્નતા થોડી થોડી નિરાશામાં પલટાવા લાગી, તેથી તેમણે તે પ્રસાદનો અસ્વીકાર કરતાં પૂ. માને પ્રાર્થના સાથે પરત કર્યો. પરંતુ પૂ. માએ તેના ઉપયોગ માટેનું યોગ્ય માર્ગદર્શન કરી સુંદર આશીર્વચનો દ્વારા તેની મહત્તા સમજાવી ફરી તે પ્રસાદ તેમને અર્પણ કર્યો. સૌ તેનો સહર્ષ સ્વીકાર કરતાં પ્રસન્નતાથી પુલકિત બન્યા.

તારક, હેમલ અને સ્નેહલનો ઉતારો આપણા જ ભક્ત પરિવારના જાણીતા સેવાભાવી શ્રી પ્રભુભાઇ હળવદિયાના ઘરે હતો. ઘરમાં માતા–પિતા સહિત છ સભ્યો હોવાં છતાં ચીવટતાપૂર્વક એમની દરેક જરૂરિયાતનું ધ્યાન રાખતાં ઘરનાં દેવી શ્રી નીલાબેન પણ સહુને ખૂબ આગ્રહ કરી પ્રેમથી જમાડતાં. દરેકને થોડા જ વખતમાં પોતાના ઘર જેવો જ ભાવ અનુભવાય એવો પ્રેમભાવ રાખતાં. એમની સેવાને તો કેવી રીતે ભૂલી શકાય? સેવકોની સેવા કરવા મળે તેને પણ તેઓ અમૂલ્ય લ્હાવો સમજતાં. ધન્ય છે એમની સેવાભાવના, સમર્પણ ને શ્રદ્ધાને.

શ્રી રાજુભાઇની કાર્યકુશળતા અને મનીષભાઇના માર્ગદર્શન અને સહયોગથી બાંધકામનું કામ પૂર્ણાહુતિના આરે હતું. હવે વિજળી જોડાણની સેવા માટે શ્રી રાજુભાઇએ આપણા જ ભક્ત પરિવારના નિલેષ કણજારિયાને આમંત્રણ આપ્યું અને તે હર્ષોલ્લાસ તથા આનંદ સાથે પોતાની સાધન સામગ્રી લઇ મોરબી



આવી પહોંચ્યો. અને મોરબી ધ્યાનકેન્દ્રના સભ્ય શ્રી ડાહ્યાભાઇના સહયોગથી ફક્ત ૧૫ દિવસમાં જ બધી શાળાનું વિજળી જોડાણનું કામ પતાવી દીધું!

હવે બધી શાળા લગભગ ગામ લોકોને અર્પણ કરવા લાયક બની ગઇ હતી. તેથી પૂ. મા પણ શાળાના ઉદ્‌ઘાટન અને લોકાર્પણના કાર્યક્રમ માટે મોરબી પહોંચી ગયાં. જે શાળાનું ઉદ્‌ઘાટન હોય તે ગામમાં પ્રભુભાઇ આગલા દિવસે રાત્રે જ પહોંચી જતા અને આખી રાત જાગી કાર્યક્રમની રૂપરેખા અને વ્યવસ્થા માટે ગામલોકોને માર્ગદર્શન આપતા. ગામ લોકો પણ હવે શ્રદ્ધાથી સંપન્ન જણાતા હતા. એટલે એમના દરેક સૂચનને ખૂબ જ પ્રેમથી વધાવી લેતા. કાર્યક્રમમાં સૌ પ્રથમ પૂ. માનું સ્વાગત રહેતું. ગામની બહેનો પ્રાદેશિક નૃત્ય અને લોકગીતોદ્વારા પૂ. માનું સ્વાગત કરતી. પછી નાના ભૂલકાંઓ અભિનય અને ફૂલહારથી પૂ. માનું સ્વાગત કરતાં. સ્વાગતમાં એમનો ભાવ સ્પષ્ટ જણાઇ આવતો. પૂ. મા ચોથીવાર આ ભૂમિપર પધારતાં હતાં. ધીરે ધીરે ગામ લોકો પૂ. માના રંગે રંગાઇ ગયાં જણાતાં. એમ કહો કે, એમની પ્રેમજાળમાં બંધાઇ ગયાં. શાળાના માધ્યમે પૂ. માએ ગામલોકો તથા નાના બાળકોના જીવનમાં પ્રવેશવાની તક ઊભી કરી દીધી. ફક્ત ત્રણ જ મહિનાના ટૂંકા ગાળામાં પૂ. માએ આટલા મોટા સમુદાયના હૃદયમાં પોતાનું સ્થાન બનાવી લીધું. એ ખૂબ જ આશ્ચર્યજનક લાગે તેવું છે. પરંતુ પૂ. મા શું ન કરી શકે? લૌકિક રીતે જોઇએ તોપણ એમનાં દરેક કાર્યો માનવીય સમજ બહારની વાત છે, છતાં એમની દિવ્યતા તો અનોખી જ છે. અને જો એ દિવ્યતાને માણવી હોય તો શ્રદ્ધા થકી એમનું શરણું

લેવાની જરૂર છે. હું ખાત્રી આપું છું કે એ ઈશ્વર જેટલાં તો કઠોર સાબિત નહીં જ થાય.

સાત શાળામાં લોકાર્પણનો કાર્યક્રમ ખૂબ જ ભવ્ય રહ્યો. દરેક બાળકના કંઠમાં પૂ. શ્રીની લખેલી પ્રાર્થના ગુંજતી હતી. બાળકોએ સુંદર અભિનય અને નૃત્યોદ્વારા પોતાના ભાવો રજૂ કર્યા, બદલામાં પૂ. મા તરફથી પુરસ્કાર અને પ્રસાદ પણ પામ્યા. પૂ. માએ પોતાના વરદહસ્તે દીપ પ્રજ્વલિત કરી પાટિયાપર આશીર્વચનો લખી સ્કૂલ ગામ લોકોને અર્પણ કરી.

ચાર–ચાર વાર આ ધરતી પર પધારીને પૂ. માએ આ ધરાને પણ પાવન કરી છે. લોકોની અંદર રહેલા ઉત્સાહ અને જોમ ને નવું સ્વરૂપ આપી, ચેતનવંતો બનાવ્યો છે. બાળકો માટે સુંદર શાળાનું નિર્માણ કર્યું, શાળાનું બાંધકામ થયું એ એમના માટે ગૌણ છે. કદાચ ચાર–છ મહિના પછી સરકાર પણ તે બાંધી આપત, પરંતુ શાળા બનાવવાની આ સેવાદ્વારા એમને મા મળ્યાં છે. અને શાળાને બદલે એક સંસ્કારધામની રચના થઈ છે. એવું શ્રદ્ધા થકી દૃઢપણે તેઓ માને છે.

શું હવે કહેવાની જરૂર છે રહે છે કે, ભૂકંપ પણ કોઈના માટે આશીર્વાદરૂપ હોઈ શકે?

જ્યારે પણ ગામમાં જઈએ ત્યારે બાળકોની ફોજ મંત્રગાન સાથે આપણું સ્વાગત કરવા તૈયાર જ ઊભી હોય અને એ મહામંત્ર બીજો કોઈ નહિ પણ "જય કૃપાળુ મા".



# કઠોપનિષદ્ (૪)

ગતાંકથી ચાલુ

યોગેશ્વરજી

## (૧૦) કઠોપનિષદ્‌નું માહાત્મ્ય

આ ઉપનિષદ્‌ના પહેલા અધ્યાયની ત્રીજી વલ્લી પૂરી થાય છે ત્યારે એક નવી ને વિશેષ વસ્તુ જોવા મળે છે. ઉપનિષદ્‌માં ક્યાંય માહાત્મ્યના શ્લોકો નથી મળતા. ગીતામાં માહાત્મ્યનો નિર્દેશ શરૂઆતમાં આવે છે. ભાગવત, રામાયણ, ચંડીપાઠ ને વિષ્ણુસહસ્રનામ તથા શિવમહિમ્નસ્તોત્ર જેવા ગ્રંથોમાં પણ તેનું દર્શન થાય છે. પરંતુ ઉપનિષદ્‌ના આટલા વિપુલ સાહિત્યમાં કઠ ઉપનિષદ્‌ના પહેલા અધ્યાયને અંતે જ તે જોવા મળે છે. બહુ સંભવિત છે કે તે પાછળથી કોઈએ ઉમેર્યું હોય. શ્લોકો એમ કહે છે કે યમદેવે નચિકેતાને કહેલો આ ઉપદેશ—અથવા યમ ને નચિકેતાનું આ આખ્યાન—જે કહે છે કે સાંભળે છે તે મનુષ્ય બ્રહ્મલોકમાં પૂજાય છે. જિજ્ઞાસુજનોની સભામાં અથવા શ્રાદ્ધ વખતે જે મનુષ્ય આ આખ્યાન સંભળાવે છે તે અનંત ને પરમ પરમાત્માને જાણી લે છે, પરમ પરમાત્માને પામી લે છે.

જે માણસ આ ઉપદેશ સાંભળે કે કહે તેને ચાલુ જીવનમાં પરિવર્તન કરવાની ઈચ્છા સહજ રીતે જ થાય ને જીવનને જ્ઞાનયુક્ત ને પ્રભુમય કરવાથી તે પ્રભુને જરૂર જાણી લે. એ રીતે વિશાળ અર્થમાં આ વાતને સમજવાની છે. ફક્ત વાંચીને, સાંભળીને કે પોપટપારાયણ કરીને આટલા મોટા ફળ કે લાભની આશા રાખવી નકામી છે. જીવનનું આમૂલ પરિવર્તન બધામાં જરૂરી છે. એટલું દરેકે યાદ રાખવું ઘટે.

## (૧૧) આત્માનુભવનું ફળ

કઠોપનિષદ્‌ના બીજા અધ્યાયની પહેલી વલ્લીમાં આત્મા વિષે

થોડું વિવેચન કરવામાં આવ્યું છે ને તેની સાથે સાથે આત્મજ્ઞાન અથવા આત્માનુભવના ફળ વિશે પણ ઊડતો ઉલ્લેખ છે. શરૂઆતમાં જ કહેવામાં આવે છે કે મનુષ્યની ઈન્દ્રિયો બહિર્મુખ છે. મોટે ભાગે તે બહારના પદાર્થો કે વિષયોને અનુભવે છે, જુએ છે, ને બહારની બાજુ જ દોડયા કરે છે. એમને વશ કરવાનું ને પોતાની ઈચ્છા પ્રમાણે ચલાવવાનું કામ અત્યંત કઠિન છે. માણસો મોટે ભાગે મન ને ઈન્દ્રિયોથી પરવશ બનીને વિષયોમાં ફસાય છે. ભોગોના રસમાં ડૂબે છે, ને તેમાંથી ઊંચા નથી આવતા. બહુ થોડા માણસો મન ને ઈન્દ્રિયો પર કાબૂ કરવાની ઈચ્છા રાખે છે ને તે માટે મહેનત કરે છે. પરંતુ તેમના સંકલ્પની નબળાઈ, તેમની દૃઢતાની કમી કે વાતાવરણ ને રૂઢ ટેવો કે સંસ્કારોની ઉપરવટ થવાની તેમની અશક્તિને લીધે તે સારી રીતે સફળ થઈ શકતા નથી. કેટલાંક બાહ્ય પ્રલોભનો ને સ્વભાવગત દૂષણોનો તે હિંમતપૂર્વક કોઈ પણ ભોગે સામનો કરી શકતા નથી. તેથી મન અને ઈન્દ્રિયોનો સંયમ કરીને આત્મોન્નતિનું નવું જીવન જીવવાનો તેમનો મનોરથ અધૂરો જ રહી જાય છે. એ માટે કેટલાક લોકો વાતાવરણને દોષ દે છે ને કહે છે કે શું કરીએ, વાતાવરણ જ એવું વિપરીત છે કે અમારાથી આગળ વધાતું નથી. અમારું કાંઈ ચાલતું નથી. તો કેટલાક લોકો યોગ્ય માર્ગદર્શનના અભાવને ને સમાજ તથા શિક્ષણને દોષ દે છે. તેમની વાત તદ્દન તિરસ્કારી કાઢવા જેવી કે ઉપેક્ષાની નજરે જોવા જેવી નથી. તે બધાં કારણો વિચાર કરવા જેવાં જરૂર છે ને રહેશે. પરંતુ માનવના અંતરંગ વિકાસને માટે મુખ્ય જરૂર તેના પોતાના દૃઢ નિશ્ચય ને પ્રયાસની છે. બહારનાં કારણો ગમે તેટલાં જોરદાર ને પ્રતિકૂળ હોય તોપણ માણસનો પોતાનો વિકાસ કરવાનો વિચાર મક્કમ હોય ને તે માટે ગમે તેવી પ્રતિકૂળ પરિસ્થિતિમાંથીય માર્ગ કરવાની તેની



અડગ ઈચ્છા ને પ્રયાસ ચાલુ હોય તો તેને ઘણી મોટી મદદ મળે છે. સંસારમાં એવા કેટલાય સાધનહીન ગરીબ વિદ્યાર્થીઓના દાખલા છે જેમને ભણવાની કોઈ ખાસ અનુકૂળતા ન હતી; છતાં તેઓ ખરા અર્થમાં વિદ્યાર્થી હતા. એટલે તેમણે ગમે તેમ કરીને પણ સાધન શોધી કાઢયાં, ને કોઈ પણ રીતે ફી, પુસ્તક તથા વાંચવાનાં સ્થાન મેળવીને—છેવટે રસ્તા પરના ફાનસના પ્રકાશનો ઉપયોગ કરીને પણ પોતાના અભ્યાસ પૂરા કર્યા. આજે પણ એવા કેટલાય વિદ્યાર્થી છે જે નોકરી ને મહેનત કરીને આગળ અભ્યાસ કરે છે. આત્મિક વિકાસના અભ્યાસનું પણ એમ જ સમજી લેવું. મુખ્ય વાત આગળ વધવાની લગન કે તરસની છે. તે હશે તો મદદ તો આપોઆપ મળી રહેશે. વાતાવરણ પણ ક્રમે ક્રમે અનુકૂળ થતું જશે ને માર્ગ તથા માર્ગદર્શક પણ મળી રહેશે. વાતાવરણ ગમે તેવું પ્રતિકૂળ હશે તોપણ તેમાંથી ય ક્રમે ક્રમે કેડી કરીને માણસ આગળ વધશે. પ્રભુની શ્રદ્ધા તેમાં તેને મદદ કરશે. પરમાત્માની અસીમ શક્તિ સદાય તેને સહાય કરી રહી છે, ને મુશ્કેલી તથા મૂંઝવણમાંથી માર્ગ કરીને તે તેને પાર ઉતારશે ને પરમ પદે પહોંચાડશે—શ્રદ્ધાની એવી જ્વલંત જ્યોતિ તેના અંતરને અહોનિશ અજવાળ્યા કરશે.

શ્રદ્ધાની એવી જ્વલંત જ્યોતિના પરમ પ્રકાશની મદદથી આગેકૂચ કરનારા સાધકો વિરલા જ હોય છે. દુનિયામાં તેમનાં દર્શન દુર્લભ જેવાં છે. મોતી જેમ જ્યાં ત્યાં નથી થતાં ને ચંદન દરેક જાતના વનમાં નથી દેખાતાં, તેમ તેવા પ્રભુપ્રેમી અડગ શ્રદ્ધાવાળા સાધકો સદ્ભાગ્યે જ કોઈ દેશ કે સ્થળમાં દેખા દે છે. તેમનું દર્શન ને તેમનો સમાગમ સદાય આનંદદાયક, શાંતિ ને પ્રેરણાદાયક ને કલ્યાણમય હોય છે. આત્મિક સંસ્કૃતિ તેમને જ આધારે ટકી રહે છે. આત્મિક જગતના તે જ્યોતિર્ધરો કોઈનાય

જીવનને અજવાળી શકે છે. મન ને ઈન્દ્રિયોનો સંયમ કરીને, સમ્યક્ સાધનાદ્વારા તેમણે પરમાત્માની અનુભૂતિ કરી હોય છે. તેમનું જીવન સફળ, ઉજ્જવળ ને ધન્ય બન્યું હોય છે. શોક, મોહ ને બંધનથી તે મુક્તિ મેળવે છે ને પરમાનંદના ભાગી બને છે. શાંતિ તેમની સદાની સહચરી બને છે. પ્રસન્નતાની પુણ્યસરિતામાં સ્નાન કરતાં ને કૈંક અંધારાં અંતરને અજવાળું ધરતાં તેમનું જીવન પૂરું થાય છે.

એવા કૃતકામ પરમાત્મદર્શી મહાપુરુષે પ્રસન્નતાના પારાવારમાં પક્ષાલન કરતાં સહજ ભાવે ગાયું છે કે–

અબ હમ આનંદ કે ઘર પાયા.
કિયા કરાયા કુછ ભી નાહિ,
સહેજે પિયાજીકો પાયા.
અબ હમ આનંદ કે ઘર પાયા.

શંકરાચાર્યનું 'ચિદાનંદરૂપ: શિવોઽહમ્ શિવોઽહમ્' સ્તોત્ર પણ એવા જ આત્માનુભવની પરમ અવસ્થાએ આસીન થયેલા સાધક કે શ્રેયાર્થીનું ધન્યતાસ્તોત્ર જ છે.

આનંદના એ સનાતન ઘરની શોધ સૌ કોઈ કરે છે, ને તેનો પ્રવાસ સૌએ શરૂ કર્યો છે. કોઈ એક રસ્તે તો કોઈ બીજે રસ્તે, આનંદના એ અવિનાશી અખૂટ ખજાનાને હાથ કરવાના સૌના પ્રયાસ છે. તે માટે જ સૌની સાધના છે. સંસારના પદાર્થો ને વિષયોમાં પણ આનંદ નથી એવું કોણ કહી શકે? આનંદ બધે જ ફેલાયેલો છે. ભલે પછી તેના સ્વરૂપમાં ફેર હોય. આત્મમાર્ગના મુસાફરોએ દીર્ઘસમય સુધી મંથન કરીને જે અક્ષરસાધના કરી ને તેને પરિણામે પરમાનંદનો પરમભંડાર હાથ કર્યો તેનો ઉલ્લેખ તે કરી ગયા છે, ને બીજા તે માર્ગના મુસાફરોને આજે પણ તે કામ



લાગે તેમ છે. આત્માની અનુભૂતિ કરનારને એવા પરમાનંદની પ્રાપ્તિ થાય છે એમ ઉપનિષદ્નું કહેવું છે.

તે પરમાત્મા સૌના આદિ છે, કારણ છે; તે જ પ્રાણતત્ત્વરૂપે રહેલા છે, ને તેમાંથી જ આ સંસારની ઉત્પત્તિ થાય છે. સૌના હૃદયપ્રદેશમાં તે જ રહેલા છે. તે આત્મા પણ કહેવાય છે. શરીરની અંદર ને સંસારમાં બધે બહાર તે જ પરમાત્મા રહેલા છે. તે બંનેનું સ્વરૂપ સરખું જ છે. તેમાં જે ભેદ જુએ છે તે અજ્ઞાની છે. તે દુ:ખી થાય છે. પરંતુ જે અભેદભાવે તેનું દર્શન કરે છે તે જ્ઞાની કહેવાય છે. આત્મા શરીરના મધ્યભાગમાં રહેલો છે. તે ભૂત ને ભવિષ્યનો સ્વામી છે. તેનું માપ અંગૂઠા જેટલું છે. તેનો પ્રકાશ ધૂમાડાવિનાના અગ્નિ જેવો છે. તે આજે છે ને કાલે પણ રહેશે–મતલબ કે અવિનાશી છે. તેને જે નથી જાણતો તે માણસ વારંવાર જન્મ ને મરણના ચક્રમાં ફર્યા કરે છે. જે સાધક તે આત્માનો અનુભવ કરી લે છે તેનો આત્મા પરમાત્મા સાથે એકરૂપ થઈ જાય છે. આવાગમનનું એનું ચક્ર પૂરું થાય છે.

એવો આત્મદર્શી સાધક જડ ને ચેતનમાં બધે જ તે પરમાત્માનું દર્શન કરે છે ને આંતરિક રીતે સૌની સાથે એકતાનો અનુભવ કરે છે. તેને કોઈનો ભય નથી લાગતો ને કોઈનો દ્વેષ પણ તે નથી કરતો. ભારતવર્ષમાં એવા એવા મહાન અનુભવી સંતપુરુષો થઈ ગયા છે કે જે વાઘ ને સિંહ જેવાં હિંસક પ્રાણીમાં પણ પરમાત્માનો પ્રકાશ જોતા ને તેમનાથીય ન ડરતા. તેમના સમાગમથી મોટા મોટા હિંસક, ખૂની કે લૂંટારાઓ પણ સુધરી ગયા છે. તેમના પ્રાણમાંથી નીકળતાં સાર્વત્રિક સ્નેહનાં કિરણ તેમના સંસર્ગમાં આવનારા જીવોને વત્તીઓછી અસર કરીને સ્નેહથી રંગી દે છે. (ક્રમશ:)

# કૃપાપ્રસંગ

કલ્યાણ

મેમફીસ–અમેરિકામાં વસતાં શ્રી ગુલાબબેન ભક્ત પૂ. શ્રી મા અને પૂ. શ્રી ગુરુદેવ યોગેશ્વરપ્રભુના પરમ શ્રદ્ધાવાન ભક્ત છે. આવી અનન્ય શ્રદ્ધા પૂર્વજન્મના પુણ્યયોગવિના પ્રકટ થતી નથી! આવી પ્રબળ શ્રદ્ધા જે અંતરમાં પ્રકટે છે ત્યાં પ્રભુકૃપાનું અવતરણ થયાવિના રહેતું નથી! પ્રભુકૃપાથી રસાયેલા શ્રી ગુલાબબેનના જીવનદર્શનનો લાભ માણીને પરમજીવનની પ્રેરણાથી સમૃદ્ધ થઈએ.

અહો! અહો! શ્રીસદ્‌ગુરુ, કરુણાસિંધુ અપાર,
આ પામર પર પ્રભુ કર્યો, અહો! અહો! ઉપકાર,
શું પ્રભુ ચરણ કને ધરું? 'આત્માથી સૌ હીન!
તે તો પ્રભુએ આપીઓ, વર્તું ચરણાધીન.

ઉપરોક્ત શબ્દોમાં પ્રભુનો ઉપકાર વ્યક્ત કરતાં શ્રી ગુલાબબેન લખે છે, "પ્રભુ કૃપા કરે ત્યારે જીવનમાં સત્પુરુષોનો મેળાપ થાય છે." શ્રી યોગેશ્વરપ્રભુ જેવા ગુરુહરિ સ્વયં સામેથી કૃપા કરીને મારા જીવનમાં પધાર્યા! મારામાં તો તેમનું પરમ સાન્નિધ્ય માણવાની પાત્રતા ન હતી, પરંતુ તેમણે જ દર્શનયોગ સર્જીને મારા જીવનને ધન્ય બનાવી દીધું!

ગુરુહરિ શ્રી યોગેશ્વરપ્રભુએ ૮૧, ડીસેમ્બરમાં બે દિવસનો જે દર્શન, સાન્નિધ્ય અને સત્સંગનો લ્હાવો આપ્યો તેથી જીવન ધન્યતાની વીણાથી ગૂંજી ઊઠ્યું! મનમાં સહજ જ સંકલ્પ ઊઠ્યો કે આવા સમર્થ પરમ ગુરુહરિના ચરણે જીવન સમર્પિત થઈ જાય



તો જીવન પરમપ્રકાશથી દીપી ઊઠે! ગુરુહરિ શ્રી યોગેશ્વરપ્રભુને અંતરના અંતરતમથી પ્રાર્થના કરી કે, "પ્રભુ! મને સ્વીકારો, આપના પાવન શ્રી ચરણોમાં સ્થાન આપો! હું તો આપનું શરણાગત બાળક છું! બાળક સિવાય બાળકની બીજી પાત્રતા તો શું હોય?"

શ્રી પ્રભુએ મારી પ્રાર્થના સાંભળી! સ્વપ્નદર્શન આપીને કૃતાર્થ કરી! સ્વપ્નદર્શન આજે પણ એવું જ તાજું છે! 'હું સ્નાન કરીને સ્વચ્છ વસ્ત્રો પરીધાન કરીને રૂમમાંથી બહાર આવું છું ત્યાં શ્રી યોગેશ્વરપ્રભુ સામેથી ધીમી ચાલે દિવ્ય સ્મિત વેરતા પધારી રહ્યા છે. છેક મારી પાસે આવીને વાત્સલ્યધામ જેવા મુખારવિંદ અને કેવલ પરમપ્રેમની જ્યોતિ જેવાં નેત્રોદ્વારા દિવ્યભાવો વહાવતા પોતાના વરદ હસ્તમાં મારો હાથ ગ્રહણ કરીને મારો સ્વીકાર કરી લીધો! મારા આનંદની અવધિ ના રહી!

શ્રી પ્રભુએ મારી પ્રાર્થના સાંભળી અને શ્રી ચરણોમાં સ્થાન આપ્યું તેનો આનંદ અંતરે ભારે હતો. પરમ સમર્થ સદ્‌ગુરુના શ્રી ચરણોમાં બેસવાનું સૌભાગ્ય ક્યાંથી? હૈયે એટલી તો ધરપત અને શાંતિ છવાઈ ગઈ કે શ્રીહરિ ગુરુ બનીને સ્વયં પધાર્યા અને પોતાની છત્રછાયા ધરીને જીવનને પરમ નિશ્ચિતતા બક્ષી દીધી!

શ્રી ગુરુહરિ સ્વયં મારી જીવનનાવના સુકાની બની ગયા પછી શું ચિંતા? મારા જીવનરથના સારથિ બનીને પ્રભુએ જીવનની દિશા જ પલ્ટી નાંખી! પ્રભુ સ્વયં મારો જીવનરથ પ્રભુના પરમ પ્રદેશ તરફ હંકારી રહ્યા છે! કેવલ ભૌતિક સુખસગવડતા પાછળ પાગલ થઈને દોડતું મન હવે આધ્યાત્મિક આનંદનો રસાસ્વાદ માણવા લાગ્યું! ઘરમાં પરંપરાથી ચાલી આવતી પૂજાપદ્ધતિ

હતી પરંતુ તેમાં પ્રાણ ન હતો! ગાદીએ ધૂપદીવા કરવા અને પ્રણામ કરવા એથી વિશેષ આધ્યાત્મિકતાની સમજ ન હતી! ભૌતિકસુખની સુંવાળી સપાટીપર સરતા જીવનની આંધળીદોડનો અંત ન હતો! તૃષ્ણાની તૃષા કોણ સમાવી શક્યું છે? ભવિષ્યમાં ભૌતિક સુખસગવડતાના સાધનોના ગંજ નીચે તેના ભારથી જ ગુંગળાઇ જવાનો વખત આવે તે પહેલાં શ્રી ગુરુદેવપ્રભુ જીવન-માં પધાર્યા અને આધ્યાત્મિકતાની અલૌકિક દિવ્ય અલખના દ્વાર તરફ જીવનરથને હંકારી ગયા!

આજે પ્રભુકૃપાથી મન પરમપ્રેમની દિવ્યસૃષ્ટિમાં વિહરવાનો આનંદ માણી રહ્યું છે? દિશાવિહિન મનને દિશા મળી ગઇ છે, હવે તો પ્રભુ જ જીવનરથના સારથિ છે. એટલે જીવનવાટે ભૂલા પડવાનો પ્રશ્ન જ નથી! અર્જુનની જેમ જીવનરથ પ્રભુને સોંપ્યા પછી સાફલ્ય વિજયની શી ચિંતા? પ્રભુ જીવનનો જે અભિનય કરાવે તે અભિનય કરતાં કરતાં પ્રભુપંથે પ્રભુના પગલે પગલે જ જીવનયાત્રા કરતા રહેવાની છે! એટલે હવે ભવાટવીમાં ભૂલા પડવાની ચિંતા રહી નથી! પ્રભુના પંથે પ્રભુના પગલે ચાલવાનું સૌભાગ્ય મળ્યું તેથી વિશેષ સૌભાગ્ય આ સૃષ્ટિમાં શું હોઇ શકે?

વળી શ્રી પ્રભુની વિશેષ કૃપા તો એ છે કે શ્રી પ્રભુ આપણને પૂ. શ્રી માનું પરમ ધન આપતા ગયા છે. શ્રી પ્રભુ ભૌતિક વિદાય લઇને ક્યાંય ગયા નથી! માતૃસ્વરૂપમાં સમાઇને શ્રી શ્રી મા સર્વેશ્વરી સ્વરૂપે પ્રકટ થયા છે! પરમધામ જેવી પૂ. શ્રી માની વાત્સલ્યગોદમાં આળોટવાનું પરમસુખ બધા બાળકોને શ્રી પ્રભુએ જ આપ્યું છે!

આજે પણ નિયમ પાલનમાં ક્યાંય ચૂક થાય તો પ્રભુ તુરત જ



જગાડે છે. એક વખત ભારત આવ્યા પછી વતનમાં સ્થિર થતાં થતાં અનિયમિત જીવનમાં દરરોજની માળા કરવાનો નિયમ બરાબર ન જળવાયો? રાત્રે સ્વપ્નદર્શન આપી મારા મસ્તકે વરદહસ્ત પધરાવીને શ્રી પ્રભુએ કહ્યું, "માળાનો નિયમ કેમ છોડયો?" શ્રી પ્રભુની પ્રેમભરી ટકોર પછી તુરત જ માળાનો નિયમ નિયમિત થઇ ગયો! આજે પણ વારંવાર દર્શન આપી શ્રી પ્રભુ જાગ્રત રાખે છે.

* * *

મારી એક બીજી પ્રાર્થના પણ શ્રી પ્રભુએ કૃપા કરીને સાંભળી. મારા પતિદેવ તથા બાળકો પણ પ્રભુપંથે પ્રયાણ કરીને આત્મ-કલ્યાણ સાધે એવી મારા અંતરની ઊંડી ઇચ્છા હતી. હું પ્રભુને પ્રાર્થના કરતી, "હે પ્રભુ! મારા સ્વજનો સારા છે, સદાચારી છે પરંતુ તેઓ આત્મકલ્યાણના પંથથી અજાણ છે તો તેઓને પ્રભુ-પંથે વાળો. તમે એવી કૃપા કરો કે તેઓ આપનું પાવન નામ-સ્મરણ કરી આત્મકલ્યાણના પંથે વળે."

શ્રી પ્રભુએ મારી પ્રાર્થના સાંભળી. ભારતમાં આવ્યા પછી પૂ. શ્રી માએ પોતાના સાન્નિધ્યમાં પંદર દિવસ રહેવાનો પરમ લ્હાવો આપ્યો. પૂ. શ્રી માના આ પરમ સાન્નિધ્યથી અમારા જીવનમાં દિવ્યાનંદની સ્વર્ગીય સૃષ્ટિ રચાઇ ગઇ! શરીરની વર્ષો જૂની કુટેવો છૂટી ગઇ! મારા પતિદેવનું તમાકુનું વ્યસન છૂટી ગયું! જીવન નિર્મળ, નિર્દોષ અને પ્રસન્ન બની ગયું. અમારા ગૃહસ્થા-શ્રમમાં દિવ્યતા છવાઇ ગઇ!

આજે અમે સૌ સાથે મળીને પ્રભુમય જીવનનો આનંદ માણી રહ્યાં છીએ. સદ્‌ગુરુ વડલે બેસીને એમની છત્રછાયામાં કિલ્લો કરી રહ્યાં છીએ. પક્ષીની બે પાંખની જેમ અમે પણ ભૌતિક તેમ

જ આધ્યાત્મિક બંને પાંખોવડે જીવનાકાશમાં સાચા જીવનવિહાર-નો આનંદ માણી રહ્યાં છીએ.

પૂ. શ્રી મા અને ગુરુદેવપ્રભુના પરમ ઉપકારોને શબ્દોમાં શી રીતે વર્ણવી શકીએ? જીવનનો ખરો વિકાસ આંતરિક છે તે પ્રભુકૃપાથી સમજાઇ ગયું છે. એટલે પૂ. શ્રી મા અને ગુરુદેવપ્રભુ જેવા સમર્થ પરમપુરુષોને જીવનનું સારથિપદ સોંપીને નિશ્ચિત બની ગયાં છીએ. શ્રી પ્રભુએ સજાવેલું જીવન હવે પ્રભુનું છે.

શ્રી પ્રભુને પ્રાર્થના છે કે આપની પરમકૃપાથી જીવન ભર્યું ભર્યું રહે તે માટે કૃપાને યોગ્ય જીવન પણ તમે જ સજાવજો. આપના પરમ સ્વરૂપમાં જે પરમપ્રેમ પ્રકટયો છે તે કૃપા કરીને પ્રબળ બનાવતા રહેજો.

પ્રેમ પ્રબળ બને અને કૃપા કદી ના ખૂટે એવી આપના શ્રીચરણોમાં પ્રાર્થના છે.

કૃપા કરો પણ અધિક હજીયે,
અરજ રહી છું કરી,
મંગલરૂપ બતાવો નિશદિન,
ત્યારે કૃપા ખરી.
તમે કૃપા ખૂબ જ કરી.

O



# એક વિદ્વાન લેખકનો ભાવપૂર્ણ પત્ર

એક સાધક

**નોંધ :** એક સારા વિદ્વાન લેખકનો આ પત્ર મા શ્રી સર્વેશ્વરી ઉપર આવેલો. અમને તે વાંચવામાં આવ્યો. ગમ્યો. લાગ્યું કે તે સર્વ સાધકોને પણ પૂ. માને સમજવામાં ઉપયોગી થશે એટલે પૂ. માની અનુમતિથી અત્રે મૂક્યો છે. કોઇ પ્રકારનો સંકોચ ના થાય એટલે તેઓનું નામ નથી મૂક્યું.

વિદ્વાનો ઘણા જોવા મળે છે. પરંતુ વિદ્વત્તા સાથે નમ્રતા બહુ ઓછી જોવા મળે છે. અને તેમાંય જો સાધકતા હોય તો તે ઓર દીપી ઊઠે છે. આ પત્ર લેખકના જીવનમાં આ ત્રિવેણીનો સંગમ થયેલો છે, તેવું પત્ર વાંચતાં લાગે છે. આપણે સહુ તેમના જીવનમાંથી પ્રેરણા લઇએ અને તેઓની ખૂબ ખૂબ પ્રગતિ પ્રભુપંથે થાય એવી મંગલ ભાવના કરીએ. — તંત્રી

તા. ૨–૮–૦૧

**મા સર્વેશ્વરી,**

પ્રણામ સ્વીકારશો. સામાન્યતઃ મને પત્ર–પત્રો લખવાની આદત નથી. પરંતુ તમને મળ્યા પછી મારા નેક દિલના ભાવો વ્યક્ત કરવાની ઇચ્છાને રોકી શકતો નથી. હું જે કાંઇ વિગત આ પત્રમાં રજૂ કરું છું તેમાં લેશમાત્ર પણ અતિશયોક્તિ કે કૃત્રિમતા નથી. તમારી સ્તુતિ કે પ્રશંસા કરવાનો પણ ઇરાદો નથી. જે કાંઇ લખ્યું છે તે પૂરેપૂરી પ્રામાણિકતાથી હૃદયના શુદ્ધભાવથી લખ્યું છે.

મને લાગે છે કે તમને મળ્યા પછી મને અપૂર્વ લાભ થયો છે. તમે બધા મહેનત અને પરિશ્રમ કરો છો અને તેનાં ફળ અમારા

જેવાઓને વહેંચી દો છો. અંદરની સફાઈ થવી એ જેવોતેવો તમારો અનુગ્રહ નથી. છેલ્લા ત્રણચાર દિવસથી અપૂર્વ શાંતિ લાગ્યા કરે છે. આ પરિસ્થિતિ કેટલો વખત ટકશે એની મને ખબર નથી. ઘરના અતિ વિષમ સંજોગોમાં પણ થોડું થોડું વાચન સત્સંગ થયા કરે છે. મહાત્મા યોગેશ્વરજીનું સંક્ષિપ્ત જીવન વિશેનું પુસ્તક વાંચી ગયો. ઈશ્વર માટે—ગુરુ માટેની તેઓની પ્રબળ ઝંખના, પુરુષાર્થ વગેરે જાણીને આનંદ થયો. અમારા જેવાઓને સહજ રીતે ગુરુ મળ્યા એટલે એની અમને કિંમત નથી. માના ચરણમાં ગુરુનાં ચરણમાં મન—હૃદય સતત રહ્યા કરે તેવી આપને પ્રાર્થના કરું છું. પૂજ્યશ્રી મોટાને બાપા, રમણ મહર્ષિને મોટા બાપા મનથી કહું છું. મા તો હતી જ. મા આનંદમયી, હવે માનો જ્યારે સ્થૂળ દેહ નથી અલબત્ત સૂક્ષ્મ દેહે તો તે છે જ. મા નથી એવું છે જ નહીં અને એવું લાગતું પણ નથી. પરંતુ હવે મને મળી ગયાં. મા સર્વેશ્વરી મારી મા કદાચ તમને ઋજુ પ્રત્યક્ષ રીતે મળવાનું ન થાય પરંતુ જરા પણ અતિશયોક્તિવિના કહું તો સતત—અવારનવાર તમારું સ્મરણ થયા કરે છે. મૌની સાધુદ્વારા લિખિત પુસ્તકનો યોગેશ્વરજીએ કરેલો ભાવાનુવાદ પ્રગટ કરીને ઉત્તમ કાર્ય કર્યું છે. સરખામણી કરવાની હોય જ નહીં પરંતુ પોલબ્રન્ટનની સરખામણીએ તેઓએ મહર્ષિ પાસેથી ઘણું મેળવ્યું હતું. પુસ્તક વાંચી રહ્યો છું. આનંદ સાથે આંખમાંથી અશ્રુ વહ્યા કરે છે. ગુરુપ્રત્યેની ભક્તિ અને નિષ્ઠા કેવાં હોય તે તમારી પાસેથી પ્રત્યક્ષ રીતે જાણ્યું અને મૌની સાધુના લખાણમાંથી સમજાયું.

મહાત્મા યોગેશ્વરજીનું સ્મરણ કરીને આપને હૃદયપૂર્વક પ્રણામ કરીને વિરમું છું.

એજ લિ. આપના પુત્રના
સા. દ. પ્રણામ.


॥ ૐ ॥

**મા સર્વેશ્વરી જ્યોતિષ કાર્યાલય**

આપના જન્માક્ષર દ્વારા તમારા જીવનની ભૂતકાળ-વર્તમાનકાળ અને ભવિષ્યની મુંઝવતી કોઈપણ સમસ્યાના નિવારણ માટે સ્પષ્ટ-સચોટ અને પ્રમાણભૂત માર્ગદર્શન આપવામાં આવે છે.

દેશ તથા ખાસ કરીને પરદેશના જન્માક્ષર તદ્દન આધુનિક સંશોધિત શોધખોળ મુજબ વલ્ડબેસ્ટ કોમ્પ્યુટરાઈઝ તેમજ સ્વહસ્ત નિર્મિત જન્મપત્રિકા જન્મસ્થળના અંક્ષાસ-રેખાંશ અને સૂર્યોદય પરથી શુધ્ધ-સુક્ષ્મ-સચોટ ખગોલ સિધ્ધ જન્માક્ષર, વર્ષપત્રિકા તથા સંપૂર્ણ લાઈફ રીડીંગ વાળી જન્મપત્રિકા બનાવી આપવામાં આવે છે.

જન્મ કુંડલીમાં થતાં અશુભયોગો, તાંત્રિક-પિતૃદોષો, આધિ-વ્યાધિ-ઉપાધિ તેમજ સર્વ અનિષ્ટોના નિવારણ માટે,કાર્યસિધ્ધી-મનોરથ પૂર્તિ જેવા અનુષ્ઠાનો, વાસ્તુ-નવચંડી-મૂર્તિઓની પ્રાણપતિષ્ઠા જેવા યજ્ઞો, માંગલિક તથા મરણોત્તર ક્રિયાઓ શ્રધ્ધાને શાંતિપૂર્વક સાત્વિક-નિર્વ્યસની બ્રાહ્મણો દ્વારા સ્વયં કરીઆપવામાં આવે છે.

**બહારગામથી પત્રદ્વારા માર્ગદર્શન મેળવવા માટે**

★ તમારુ સંપૂર્ણ નામ, સરનામું, જન્મ તારીખ-સમય-સ્થળ તેમજ રૂા. ૨૫૧/- નો MO કે DD મોકલાવવો.

★ અમને રૂબરૂ મળતાં પહેલાં એપોઈન્ટમેન્ટ લેવી ખૂબ જરૂરી છે.

**શ્રી વિજયભાઈ પંડિતજી**

જ્યોતિષાચાર્ય (ડબલ ગોલ્ડ મેડાલીસ્ટ)

પ્રોફેસર (જ્યોતિષ વિભાગ) એમ.એસ.યુનિ.

**મા સર્વેશ્વરી જ્યોતિષ કાર્યાલય.**

ચોખંડી, ભીડભંજન હનુમાનજીના મંદિર પાસે, વડોદરા-૧૭.

ફોન નં. ૯૧-(૦૨૬૫) ૪૩૬૨૧૬, ફેક્સ નં. ૪૩૫૩૭૧

EMAIL : pandat@indya.com

સમય : દરરોજ સાંજે ૪થી૮ રવિવારે રજા.

● હ્રદયરોગો (હાર્ટએટેક, હાઈબ્લડપ્રેશર, બાયપાસ સર્જરી પહેલાં/પછી), ડાયાબિટીશ, દમ-અસ્થમા, જુની શરદી, કમરનો દુખાવો, વા, આધાશીશી(માયગ્રેન), વજન વધારે હોવું, ડીપ્રેશન, એસીડીટી, કબજીયાત, અલ્સર જેવા રોગોમાંથી મુક્તિ મેળવવા માટે યોગની તાલીમ જરૂરી છે, એવું આધુનિક વિજ્ઞાને પણ સ્વીકાર્યુ છે. એ માટે....

- અઠવાડિયામાં ત્રણ દિવસનાં યોગ વર્ગ
- દર શનિ/રવિવારે ફક્ત એક જ દિવસનો મેડીકલ કેમ્પ
- Personal, Couple, Family, Teenage Counselling

● STRESS MANAGEMENT નું આયોજન અને સંચાલન.
● ધો.૧૦,૧૧,૧૨નાં વિદ્યાથીઓને સ્પેશ્યલ ટ્રેઈનીંગ
● ૬ થી ૧૫ વર્ષનાં બાળકો માટે દર રવિવારે યોગના ક્લાસ.
● યોગ અંગે વાર્તાલાપ - પ્રવચન - વ્યાખ્યાનમાળાનું આયોજન.
● Pregnancy (ગર્ભાવસ્થા)માં યોગની તાલીમ.
● Advanced Course (અઠવાડિયામાં ત્રણ દિવસ)

**આપની સોસાયટી, એપાર્ટમેન્ટ, ગામ, શહેર, દેશ-પરદેશમાં ઉપરોક્ત કોઈપણ પ્રોગ્રામનાં આયોજન માટે સંપર્ક કરો**

યોગઃ ચિત્ત વૃત્તિ નિરોધઃ
સ્થાપના : ૧૯૯૩

**યોગકૈવલ્યમ્**

યોગ એન્ડ ટોટલ હેલ્થ રીસર્ચ સેન્ટર

● ડૉ. હિમાંશુ પાઠક ● શ્રીમતી હેમીના પાઠક ● શ્રીમતી મીરા દેસાઈ

સરદારપુલ પાસે, વિશાલનગરની બાજુમાં, ક્રાઉન રેસ્ટોરન્ટની ગલી,
પાણીની ટાંકી પાછળ, ભુલકા ભવન સ્કુલ નજીક, અડાજણ રોડ, સુરત.
ફોન : ૨૬૮૫૫૩૮ ૨૬૮૫૫૧૮ (રહે.) ૨૭૭૯૨૮૩ (મોબાઈલ) ૯૮૨૪૦ ૪૩૦૩૩
E-mail: modernyogee@hotmail.com
Visit us at: www.yogkaivalyam.com



# શ્રી જે. કૃષ્ણમૂર્તિ અને જીવનયોગ

**પ્રો. ડો. હરીશ વ્યાસ**

ખરેખર તો પ્રભુની અપાર કૃપા, સંતોના આશીર્વાદ અને મહાપુરુષો સાથેનો સત્સંગ એ એક અદ્ભુત, અપૂર્વ અને દિવ્ય ઊર્જાસભર સંબંધ છે. જે મનુષ્યની જીવનયાત્રાને ઊર્ધ્વ આરોહણ માટે જબરદસ્ત પ્રેરણા, તાકાત અને ચેતનાથી સભર, ચિક્કાર કરી મૂકે છે. માત્ર દશેક વર્ષની ઉંમરે, પૂ. પિતાજી સાથે, આ મહાન સાધક, ચિન્તક, શિક્ષક અને યોગનાં દર્શન–પ્રવણ અને સત્સંગનો લાભ ન મળ્યો હોત તો હું એક તુચ્છ તણખલા શો ક્ષુદ્ર, પામર અને અલ્પાત્મા હોત. પચાસેક વર્ષના તેમના વાચન, શ્રવણ, સત્સંગ, ચિંતન, મનન, નિદિધ્યાસન, પ્રત્યક્ષ–પરોક્ષ અવારનવાર હાર્દિક સંબંધ–સહવાસ અને સહજીવનથી જાણે જીવનનો મધુર અંબાર, વિપુલ વૈભવ અને અનેરો ભંડાર જ ખૂલી ગયો છે! જીવનને જોવાની, સમજવાની, અનુભવવાની અને માણવાની, ગુરુદેવ ટાગોરના ધ્યાનમંત્ર–"સત્યં શિવં સુન્દરમ્"થી સભર નૂતન દૃષ્ટિ સાંપડી છે, જાણે ઈશ્વરનો અનન્ય, દિવ્ય, મધુર આશીર્વાદ જ આવી મળ્યો છે! વિશ્વ કવિ ટાગોર ગાય છે ને? એવું જ કશુંક મધમીઠું ભીતરમાં થયું છે, "આનંદલોકે, મંગલાલોકે, વિરાજો સત્ય–સુંદર!"

મુંબઈમાં એમની વ્યાખ્યાનમાળામાં, છેલ્લે દિવસે એમની પ્રશ્નોત્તરીરૂપે ગોષ્ઠિ ચાલતી હતી. એક સજ્જને તેમને પૂછ્યું, "Sir! Howmany times have you attended these discourses?" અર્થાત્ આપે આ વાર્તાલાપોમાં

કેટલીવાર ભાગ લીધો છે? સામેથી જવાબ મળ્યો, "Several times, sir!" અર્થાત્ કેટલીયે વાર, મહાશય! અને કૃષ્ણજી પ્રત્યુત્તરમાં એમને પ્રશ્ન કરતાં, કહેવા લાગ્યા, "And still you want to ask me a question?" અર્થાત્ અને છતાંયે, હજી તમે મને પ્રશ્ન પૂછવા માગો છો? થોડીકવાર ચૂપકિદી સેવીને તેઓ બોલ્યા, "Now please, ask your question first to yourself neither krishnamurti nor anybody will answer you." અર્થાત્ હવે કૃપા કરીને, તમારો પ્રશ્ન પ્રથમ તમારી જાતને જ પૂછો; કૃષ્ણમૂર્તિ અથવા બીજા કોઈ તમને જવાબ આપી શકશે નહિ. વળી કહે છે, "Answer lies in the right understanding of the question." અર્થાત્ પ્રશ્નને સારી રીતે સમજવામાં જ જવાબ મળે છે. આજે મનુષ્ય એક પ્રશ્નવિરામ બની ગયો છે. અને પોતાના પ્રશ્નો રાજ્ય, અમલદારો, સમાજ, સગાંસંબંધીઓ ઉપર ફેંક્યે જ રાખે છે. બલ્કે પોતાના પ્રશ્નો પરત્વે જવાબદાર થતો નથી, જેથી મૂંઝવણો, ગૂંચ-વણો અને સમસ્યાઓની પરંપરાઓ વધતી જ જાય છે. એટલા માટે કૃષ્ણજી કહે છે, "તમે પોતે જ તમારા પ્રશ્નો માટે જવાબદાર બનો, તેમ જ સાચી રીતે પ્રશ્નોને સમજવા માટે મથો, તો જરૂર એમાંથી જ ઉકેલ મળશે જ."

બનારસમાં પૂ. વિનોબાજી અને પૂ. આચાર્ય દાદાસાહેબ ધર્માધિકારીના સ્નેહ–સદ્ભાવને કારણે, એક માસ માટે, કૃષ્ણજી સાથે, મને સહજીવનનો, એમના "ગોલ્ડન પેલેસ" ખાતે, શુભ અવસર મળેલો. વાતવાતમાં, એમને માલીશ કરતાં મેં પૂછ્યું, "Sir, what is life?" અર્થાત્ જીવન એટલે શું? થોડીવાર શાંત રહીને મને કહે, "Sir! Life is nothing, but hearty



feelings and hearty relations." અર્થાત્ મહાશય, જીવન એ બીજું કશું જ નથી. પણ હૃદયપૂર્વકની લાગણીઓ અને હૃદયપૂર્વકના સંબંધો છે. આગળ જઈને કહે, "We have to see the life, from the mirror of various social relations neutrally, consciously and explicitly." બલ્કે સામાજિક સંબંધોના દર્પણમાંથી, તટસ્થતા, જાગૃતિ અને વિશદતાપૂર્વક જીવનને જોવાનું છે. કૃષ્ણજીને મન, જીવનની હરેક ક્ષણ, હરેક પ્રવૃત્તિ એ સાધનાની ક્ષણ છે. સાધના એટલે જીવનો શિવમય થવા માટેનો પુરુષાર્થ. મનના અરીસામાંથી જ આપણે "સ્વ"ને જોવાનું છે. જો અરીસો મેલો, ગંદો અને પૂર્વગ્રહો, ગ્રંથિઓ, રાગદ્વેષ, ઈર્ષા, અસૂયા વગેરેથી ભરેલો હશે, તો સત્યનું દર્શન થશે જ નહિ. એટલા માટે તેઓ કહે છે, "Please, observe and understand what is goingon in the self, from out side and inside, deeply, consciously and neutrally, at every moment." અર્થાત્ હરેક ક્ષણે "સ્વ"ની બહાર–ભીતર જે કાંઈ થઈ રહ્યું છે, તેને ગહરાઈથી, સજાગતાથી અને તટસ્થતાથી જુઓ અને સમજો. કારણ કે "Life is in relations." બલ્કે સંબંધોમાં જ જીવન છે. એટલા માટે પૂ. વિનોબાજી અને પૂ. કૃષ્ણજી ચિત્તની શુદ્ધિપર ભાર મૂકતાં કહે છે, "Let us have fresh and new minds." ચાલો, આપણે તાજા, નરવા અને નૂતન મન-વાળા થઈએ. જેને માટે તેઓ "continuous choiceless awareness" સાતત્યપૂર્ણ (સારાનરસાની/શુભ–અશુભની) પસંદગીરહિત ક્ષણ ક્ષણની સતત જાગૃતિ પર ભાર મૂકે છે. જેમાંથી સત્ય, પ્રેમ, કરુણા, અભય, મૈત્રી વગેરે સદ્ગુણો સ્વયં પુષ્પિત થાય છે.

વારુ, આજે આપણને બે પ્રકારના સંબંધો જોવા મળે છે. (૧) ઔપચારિક સંબંધો (formal relations) અને (૨) હાર્દિક સંબંધો. માત્ર દેખાવના, વ્યાવસાયિક, ધંધાદારી, વ્યાવહારિક, પ્રદર્શનકારી, પોકળ, ઉપલકિયા, સાંસારિક સંબંધો, એ છે ઔપચારિક સંબંધો. જે મનુષ્યને જડ, શુષ્ક, બાહ્યાચારી, નિષ્પ્રાણ, નિરસ, દંભી અને ઉપલકિયો બનાવી મૂકે છે. જ્યારે સચ્ચાઇ, સ્નેહ, સદ્ભાવ, આત્મિકતાથી ભરેલા, ગાઢ, રસભર્યા, ઊંડા, ભાવનાપૂર્ણ સંબંધો એ જ છે હાર્દિક સંબંધો. જે મનુષ્યને સત્યમય, માનવતાપૂર્ણ, સૌન્દર્યમય અને કલ્યાણમય જીવનથી, તેમ જ તાજગી, સ્ફૂર્તિ, નાવીન્ય, ચેતના, પ્રસન્નતા, હોંશ મસ્તી અને પ્રસન્નતાથી છલ્લક-મલ્લક કરી મૂકે છે. કૃષ્ણજી કહે છે, "Where there is no hearty relation, there is no life." જ્યાં હાર્દિક સંબંધો નથી, ત્યાં જીવન જ નથી. વળી આગળ વધીને તેઓ કહી દે છે, "Where there is no hearty touch of life, there can not be education at all." બલ્કે જ્યાં જીવનનો હાર્દિક સ્પર્શ નથી, ત્યાં બિલકુલ શિક્ષણ થઇ શકતું જ નથી.

અલબત્ત! કૃષ્ણજીને મન, "જીવનની, જીવન માટે અને જીવનદ્વારા, સજગ સંબુદ્ધ એકતા એ જ છે જીવનયોગ. જે સ્વાર્થોદય માટે નહિ, પરંતુ સર્વોદય માટે જ હોય છે. એટલે જ વિશ્વકવિ ટાગોર પ્રાર્થે છે :

"યુક્ત કરો, હે સબાર સંગે, મુક્ત કરો હે બંધ!
સંચાર કરો સકલ કર્મે, શાન્ત તોમાર છન્દ!
અન્તર મમ વિકસિત કરો, અન્તરતર હે!"



# અરવિંદ આશ્રમમાં

મૂળ લેખક : **મૌની સાધુ**
અનુવાદ : **યોગેશ્વરજી**

એક દિવસ એક મિત્રે મને જણાવ્યું કે થોડા દિવસ પછી અરવિંદ આશ્રમમાં મહર્ષિ અરવિંદનો દર્શન દિવસ આવી રહ્યો છે. એવા દિવસો વરસમાં ચાર વાર આવતા.

પશ્ચિમના દેશોમાં સફળતાપૂર્વક પ્રચાર પામેલા શ્રી અરવિંદનાં જુદાં જુદાં પુસ્તકોદ્વારા મેં એમના ઉપદેશો વિશે કેટલીક પૂર્વ-માહિતી મેળવેલી. વર્ષો પહેલાંના મારા પેરિસના નિવાસ દરમિયાન મેં શ્રી અરવિંદના એક પુસ્તકને ખરીદેલું. તે પુસ્તક મને એના સરલ અને સ્પષ્ટ માર્ગદર્શનને માટે તથા એમાં વ્યક્ત થયેલા ઊંડા બુદ્ધિવાદને માટે ખૂબ જ ગમી ગયેલું. પોન્ડિચેરીના એ આશ્રમનું ધ્યેય પૂર્વ તથા પશ્ચિમની સાંસ્કૃતિક અને આધ્યાત્મિક એકતાનું તેમ જ માનવજાતિને દોરવણી આપી શકે એવા આધ્યાત્મિક રંગે રંગાયેલા ભાવિ નેતાઓના મંડળને તૈયાર કરવાનું હતું. એટલા માટે સામાન્ય માનવો શ્રી અરવિંદના આશ્રમને જાદુવિદ્યાની સ્કૂલ કહેતા.

શ્રી અરવિંદના દર્શનને માટે વિશેષ લેખિત મંજૂરી મેળવવાની આવશ્યકતા રહેતી. મારા જાણવામાં આવ્યું કે આશ્રમના કર્મચારીઓનો પરિચય ના હોય તો એવી મંજૂરી સહેલાઇથી મળતી નથી. અમને એ મંજૂરી કોઇ પણ પ્રકારની તકલીફ વગર મળી ગઇ. તેથી ઓગસ્ટની ચૌદમી તારીખે હું પોન્ડિચેરીની

ટ્રેનમાં નીકળી શક્યો. પોન્ડિચેરી સંસ્થામાં પ્રવેશતી વખતે કરવામાં આવતી બે કે ત્રણ કલાકની કસ્ટમની વિધિને લીધે મારી મુસાફરીમાં થોડોક વધારે વખત લાગ્યો. સ્ટેશન છોડયા પછી મેં જોયું તો આખુંય નગર ફ્રેન્ચ અને ભારતીય ધ્વજોથી શણગારવામાં આવેલું. તે વખતે ભારતીય પ્રજાસત્તાકની સ્વતંત્રતાની બીજી સંવત્સરી ઉજવવામાં આવી રહેલી. રાજકારણના નિષ્ણાત જેવા તે વખતના ફ્રેન્ચ ગવર્નરે ભારતની પ્રજાને માઠું ન લાગે એટલા માટે સરકારી ઓફિસોનાં મકાનો પર બંને દેશોના ધ્વજોને ફરકાવવાનો આદેશ આપેલો. જનતાએ એ આદેશને અનુસરીને આખાયે નગરને શણગારેલું. નગરમાં સાઇકલ પર મોટે ભાગે આફ્રિકાના સિગાલીઝ કાળા ફ્રેન્ચ સૈનિકો ચક્કર મારતા દેખાતા. એ સૈનિકોના ઉપરીએ મને સમજી શકાય તેવી ફ્રેન્ચ ભાષામાં આશ્રમનો માર્ગ બતાવ્યો.

આશ્રમના જુદા જુદા વિભાગો જુદાં જુદાં મકાનોમાં જોવા મળતા. એ વિભાગોની વ્યવસ્થા ખૂબ જ સુંદર અને અસરકારક હોવાથી ભોજન તથા નિવાસની ટિકિટોને માટે લાગતી લાંબી લાઇનોનો નિકાલ ઝડપથી થઇ શકતો. દર્શનનો સમય બપોરે ત્રણ વાગ્યાનો હતો. બપોરે મુલાકાતીઓ માટેના મકાનના એક મોટા રૂમમાં હું બેઠો. સારી રીતે તૈયાર કરેલા શાકાહારી ભોજનને જાતમહેનતથી પૂરું પાડવામાં આવતું અને જેમને બ્રેડ તથા માખણ જોઇતાં હોય તેમને તે પણ આપવામાં આવતાં. ભોજનની પદ્ધતિ ભારતીય અને અંગ્રેજી પદ્ધતિના સંમિશ્રણ જેવી કંઇક અનોખી દેખાતી. હાથમાં ચમચા તથા છરીની સાથે મુલાકાતીઓ જમીનપર પાથરેલી સ્વચ્છ જાજમોપર નાનકડાં ટેબલો કે



બાજઠોની સામે બેસતા. દર્શનાર્થીઓમાં અસંખ્ય પશ્ચિમવાસીઓ પણ હતા. એમાંના કેટલાક આશ્રમના સાધકો પણ બનેલા. સમીપવર્તી શેરીઓ છેલ્લામાં છેલ્લી ઢબની મોટરોથી ભરેલી. ગરમી પુષ્કળ હોવાથી હજારો મુલાકાતીઓ ઠંડાં પીણાંની દુકાનોમાં બેઠેલા દેખાતા. મારી તરસ ઠંડાં પીણાંથી સંતોષાય તેવી સામાન્ય નહોતી. નાના સરખા બંદરને નિહાળ્યા પછી, નૌકાઓને હલેસાં તથા સઢની મદદથી આગળ વધતી જોઇને મેં વૃક્ષોની નીચે થોડોક વિશ્રામ લીધો તોપણ, સાગરની સમીપતા મારી ગરમીને ઘટાડી શકી નહિ.

બપોરે ત્રણ વાગ્યે આશ્રમના દરવાજાને ઊઘાડવામાં આવ્યો ત્યારે ચાર ચારની પંક્તિમાં ઊભેલા આશરે બે હજાર દર્શનાર્થીઓની લાંબી કતારો દૂર દૂર સુધી જોવા મળી. દર્શનાર્થીઓદ્વારા ભારત અને અન્ય અનેક દેશોનું પ્રતિનિધિત્વ થઇ રહેલું. દીર્ઘકાળની પ્રતીક્ષા પછી હું આખરે શ્રી અરવિંદના મકાનની પાસે આવી પહોંચ્યો. દર્શનાર્થીઓની પંક્તિએ આગળ વધીને હોલમાં પ્રવેશ કર્યો. દીવાલો પરથી શ્રી અરવિંદ અને એમના સહયોગિની અથવા સંગિની ફ્રેન્ચ માતાનાં ચિત્રો દેખાયાં. અત્યારે એમને માતાજી તરીકે ઓળખવામાં આવતાં. એ અસાધારણ શક્તિ, ભક્તિ તથા કુશળતાપૂર્વક આશ્રમનું સંચાલન કરતાં. મહર્ષિ અરવિંદ આશ્રમની પ્રવૃત્તિઓને સંભાળવાને બદલે એકાંતિક ધ્યાનમય જીવન ગાળી રહેલા. માતાજી કોઇ પણ પ્રકારના વિશેષ પ્રયત્નવિના લગભગ બે હજાર શિષ્યો અથવા સાધકોને સંભાળી રહેલાં. આશ્રમમાં જે શિષ્યોને રાખવામાં આવતા તે શિષ્યો પોતાની સમસ્ત ભૌતિક સંપત્તિનું આશ્રમને સમર્પણ કરતા અને આશ્રમ બદલામાં

એમની સર્વ પ્રકારે સંભાળ રાખતો. એમની ભૌતિક ચિંતાઓ એવી રીતે દૂર થતી હોવાથી પ્રત્યેક આશ્રમવાસી માતાજીના આદેશોનું પાલન કરતો. પ્રત્યેક આશ્રમવાસીને કંઇ ને કંઇ કામ કરવાનું રહેતું હોવાથી આશ્રમ મોટે ભાગે કોઇક વિહાર અથવા મઠના જેવો સ્વાશ્રયી દેખાતો. એમાં કામકાજ, સ્વાધ્યાય તથા ધ્યાનનો નિશ્ચિત કાર્યક્રમ રહેતો.

કતારમાંથી ધીરે ધીરે આગળ વધતી વખતે મારું ધ્યાન દીવાલો ઉપરની સૂચનાઓ ઉપર ગયું. એમાં જણાવવામાં આવેલું કે સૌથી અનુકૂળ વલણ મૌન તથા ધ્યાનનું છે. એવું પણ કહેવામાં આવતું કે માતાજી દિવ્ય જ્ઞાન ધરાવે છે. અને એ જ્ઞાનની મદદથી કેટલાયે વધારે પડતા આલોચક વૃત્તિના મુલાકાતીઓને શ્રી અરવિંદના દર્શનવિના જ કેટલીક વાર પાછા વાળવામાં આવેલા.

અમે ખંડની પાસે પહોંચ્યા એટલે શ્રી અરવિંદ અને માતાજીને બેઠેલાં જોયાં. એમની ડાબી તથા જમણી તરફ પુષ્પો તથા ભેટોની મોટી પેટીઓ પડેલી. આખરે મને એ બંનેનું અસાધારણ દર્શન થયું. દર્શનાર્થીઓની કતાર ધીમે ધીમે આગળ વધી એટલે હું એમને મારી અનુકૂળતાએ નિરાંતે જોઇ શક્યો. એ કોઇ પણ પ્રકારના હલનચલન વગર ઊંડા ધ્યાનમાં બેઠેલાં. શ્રી અરવિંદનું શરીર સુદૃઢ હતું. એમના માથાપર સફેદ વાળ હતા અને એમની મુખાકૃતિ ભારતીય કરતાં અંગ્રેજને વધારે મળતી આવતી. એમનું વિશાળ કપાળ એમની મહાન બુદ્ધિશક્તિને સૂચવતું અને એમની તેજસ્વી તીક્ષ્ણ આંખો અવકાશમાં સ્થિર થયેલી. એ બંનેની આજુબાજુ શક્તિશાળી માનસિક તરંગો વહેતા હોય એવો અસાધારણ પ્રભાવ મારી ઉપર પડયાવિના રહ્યો નહિ. માતાજીનું મુખ એમણે



પહેરેલી સાડીના છેડાથી ઢંકાયેલું. એમની આંખોને હું ન નિહાળી શક્યો. એમની આખીય આકૃતિ અસાધારણ એકાગ્રતાથી ભરેલી લાગી. એમની ઉંમર શ્રી અરવિંદની ઉંમર કરતાં મોટી લાગી. એક આશ્રમવાસીના કહ્યા પ્રમાણે શ્રી અરવિંદ એ વખતે ચુમોત્તેર વર્ષના હતા. હું જ્યારે બારેક ફૂટ દૂર હતો ત્યારે મારા ગળામાં અને મારા કંઠમાં એક વિચિત્ર લાગણી થઇ આવી. તે બંને સખત થઇ ગયાં. એ વખતે કતારમાંથી આગળ વધવા સિવાય મારાથી બીજી કોઇ પ્રવૃત્તિ ન થઇ શકી તોપણ એ વખતે મારું મન પહેલાંની જેમ જ કામ કરી રહેલું. કોઇ દૈવી શક્તિ મારી રક્ષા કરી રહેલી, એમ મને લાગ્યું. મારી ઉપર કોઇની સંમોહન વિદ્યાની કશી અસર થતી હોય એવું મને લાગતું નથી. મારી ચેતના ઢંકાઇ નહોતી ગઇ પરંતુ મારું સ્થિર શરીર કોઇ અદૃષ્ટ શક્તિથી ભરાઇ ગયું હોય એવું લાગવા માંડયું. એ બંને મહાન આત્માઓથી હું બારેક પગલાં આગળ વધ્યો ત્યાંસુધી મને એવી વિચિત્ર લાગણી થતી રહી. પછી સઘળું પૂર્વવત્ સામાન્ય થવા લાગ્યું અને મારે બોલવું હોય તો બોલી શકાય એવી પરિસ્થિતિ પેદા થઇ.

શ્રી અરવિંદની સંન્નિધિમાં મારાથી એટલું અનુભવાયું. શ્રી રમણ મહર્ષિની સંન્નિધિમાં જે ઉચ્ચ આધ્યાત્મિક વાયુમંડળનો અનુભવ થતો હતો અથવા જે આશ્ચર્યકારક અંતરંગ સંપર્ક અને જીવંત પ્રેરણાની પ્રાપ્તિ થતી હતી તેમનો ત્યાં અભાવ વર્તાયો. હું કોઇની કોઇની સાથે સરખામણી કરવા માગતો નથી. મેં શ્રી અરવિંદપ્રત્યે અસાધારણ પ્રેમ અને આદરભાવ રાખનારા કેટલાક શિષ્યો સાથે વાર્તાલાપ કરી જોયો. એના પરથી મને જણાયું કે એ બધા એમની દ્વારા કલ્યાણકારક અસરનો અનુભવ કરી રહ્યા

હતા. છતાં પણ પ્રત્યેક પ્રકારના માનવને એના પોતાના ગુરુદેવની આવશ્યકતા હોય છે અને આ મારા ગુરુદેવ ન હતા. એનાથી વિશેષ હું કંઇ નહિ કહી શકું.

પાછળથી મેં આશ્રમના પુસ્તકાલયની તથા પુસ્તકોના સારી પેઠે સંગ્રહાયેલા વેચાણ–વિભાગની મુલાકાત લીધી. એ બધું જોઇને મને થોડુંક આશ્ચર્ય થયું. એ પુસ્તકોમાંનાં કેટલાંક શ્રી અરવિંદે પોતે રચેલાં હતાં તો બીજાં કેટલાંક પૂર્વ તથા પશ્ચિમ તત્ત્વજ્ઞાનના મારા જાણીતા લેખકોનાં પુસ્તકો પણ હતાં. એ પુસ્તકો મોટે ભાગે ફ્રેન્ચ અને અંગ્રેજી ભાષામાં લખાયેલાં. એમાં ધ્યાન, માનસિક એકાગ્રતા તથા સંમોહિની વિદ્યાનો સમાવેશ થતો. મને હવે એ વિષયોનું આકર્ષણ નહોતું રહ્યું. મને સમજાયું કે મારા માર્ગ સાથે જેનો સંબંધ ન હોય તેવી કોઇ વસ્તુમાં હવે મને રસ નથી રહ્યો. મારા ગુરુદેવે મને આત્મસાધના સંબંધી જે જ્ઞાન પૂરું પાડેલું તે જ્ઞાન સર્વોપરી લાગ્યું. એનો અર્થ એવો થયો કે મનની જુદા જુદા વિષયોમાં ફરનારી કામનાઓ અદૃશ્ય થવા લાગેલી. વાસનાઓ કાંઇક અંશે હળવી બનેલી. હવે મને સમજાયું કે કેટલાંય વર્ષોથી મનની જે શાંતિની મેં શોધ કરેલી તે શાંતિનો ઉદ્‌ભવ ક્યાંથી થતો હતો. મારા ભૂતકાળ તથા વર્તમાનકાળના જીવનની એ સરખામણી છેવટની હતી. મારા પોન્ડિચેરી–પ્રવાસની એ છેવટની એકમાત્ર ફળશ્રુતિ સાબિત થઇ.

સાંજના સમયે આશ્રમના વિશાળ હોલમાં થતાં ધ્યાન અને પૂજાના કાર્યક્રમમાં મેં ભાગ લીધો. ત્યાંનો કાર્યક્રમ સહજ રીતે, સંવાદપૂર્વક અને ઊંડા અર્થ સાથે પ્રયોજનને લક્ષમાં રાખીને થતો દેખાયો. સફેદ વસ્ત્રોમાં સજ્જ હજારો શિષ્યો તથા મુલાકાતીઓ એ વિશાળ ખંડમાં જોવા મળ્યા. શ્રી અરવિંદ ત્યાં માતાજીની સાથે



થોડા વખત માટે દેખાયા. એમની મુખાકૃતિ ગૌરવવાળી, અસાધારણ એકાગ્રતાવાળી, ગંભીર તથા પ્રેરણાત્મક લાગી. પરંતુ મારું સાચું અંતર તો ત્યાંથી માઇલો દૂર પશ્ચિમમાં બંધાયેલા સફેદ સંગેમરમરના ભારતીય મંદિરમાં દોડી ગયું ત્યાં અગરબત્તીના તથા ધૂપના સમૂહથી વીંટળાઇને થોડાક શિષ્યો તથા ભક્તોની વચ્ચે એક મહાપુરુષ પોતાના ભૌતિક જીવનના અંતિમ તબક્કામાં આવીને ઊભા રહેલા. એ મહાપુરુષે મને મારા અનુકૂળ પ્રારબ્ધને પરિણામે મારા જીવનને ઉજ્જ્વળ બનાવવાનો માર્ગ બતાવ્યો હતો. એ મહાપુરુષ માનવની અંદર રહેલી અદૃષ્ટ આત્મજ્યોતિને જાગ્રત કરવા અથવા માનવોના અંતરમાં ઊંડે ઊંડે જલી રહેલી એ જ્યોતિની સ્મૃતિને બળવાન બનાવતા. સઘળા સદ્ ઉપદેશો તથા સિદ્ધાંતોથી એ જ્યોતિ અતીત કહેવાય છે. અરુણાચલના એ મહાન સંતની સામે બેસીને અમે એ જ્યોતિની પાસેથી સર્વ પ્રકારની મદદ મેળવતા. એ જ્યોતિદ્વારા પ્રાપ્ત કરાયેલા જ્ઞાનની અભિવ્યક્તિ મનની ભાષામાં કરી શકાતી. એ જ્યોતિ સઘળી દીક્ષાઓનું ઉગમ સ્થાન કહેવાય છે અને એના સિવાય કોઇ પણ શાસ્ત્રને સારી પેઠે સમજી શકાય નહિ. સાચી શાંતિ પણ ન મેળવી શકાય. એ સૌના કેન્દ્રમાં છે. એમાંથી ભૌતિક જગતના અંધકારને ભેદનારાં સઘળાં કિરણો પ્રાદુર્ભાવ પામે છે.

શ્રી અરવિંદના શિષ્યો રમણ મહર્ષિના 'જંગલ–આશ્રમ'ના નામથી ઓળખાતા નિવાસસ્થાનપ્રત્યે કોઇ પ્રકારની દુર્ભાવના રાખતા હોય એવું મને ન લાગ્યું. પોન્ડિચેરીના કેટલાય સાધકો તથા મુલાકાતીઓ તિરુવન્નામલાઇની પણ મુલાકાત લેતા. મહર્ષિના શ્રીચરણો પાસે બેસતા અને એમની સાથે વાર્તાલાપ કરતા. અરવિંદ આશ્રમના કેટલાક સાધકોની નોંધપોથીઓ એ વાતની સાક્ષી પૂરતી. રમણ મહર્ષિએ અરુણાચલ પર્વતના પવિત્ર

વાયુમંડળમાં પચાસ વર્ષ પૂરાં કર્યાં એના ઉપલક્ષ્યમાં આશ્રમ તરફથી પ્રસિદ્ધ થયેલા સુવર્ણજયંતી સ્મૃતિ અંકમાં શ્રી અરવિંદના બે શિષ્યોએ મૂલ્યવાન લેખો લખ્યા છે. એના પરથી પણ એ વાતને સમર્થન સાંપડે છે.

રમણ મહર્ષિ આખરે મંદિરના હોલમાં પધાર્યા એટલે એમની સંન્નિધિમાં ધ્યાનની સાધનાને શરૂ કરવાનું શક્ય બની શક્યું.

---

**ઉત્કટ પ્રાર્થના પરિણામ લાવે**

પંચવિષયો અને પોતાની પાશવી પ્રકૃતિથી પીડાતો જીવ પણ પોતાના પરિત્રાણ માટે સર્વાન્તરયામી પરમાત્માનું શરણ લે, પ્રાર્થનાદ્વારા એમની મદદની માગણી કરે છે, ત્યારે તે માગણી નકામી નથી જતી. એને એમની અલૌકિક મદદ મળી રહે છે.

યોગેશ્વરજી

**દીપક સી. મહેતા**

**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડીઓ.**

૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પલેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, સુરત-૩૯૫ ૦૦૧.



# ધ્યાન અને વિચારો

**કાર્તિકેય ભટ્ટ**

જે. કૃષ્ણમૂર્તિ એમ કહે છે કે શબ્દથી જાપ જપવો એ ધ્યાન નથી, ઈન્દ્રિયાતીત અનુભવ કરવો તે ધ્યાન નથી, મૌન પામવું તે ધ્યાન નથી, કોઈ ભવ્ય વિચાર કે મૂર્તિમાં લીન થવું તે ધ્યાન નથી, વિચારોની ગૂંથણીમાં ગૂંથાવું તે ધ્યાન નથી, ધ્યાન એ તો વિચારો-નો અંત છે. આનો અર્થ એ થયો કે વિચારોને અથવા વિચારોના સમૂહના બનેલા મનને અંકુશમાં લાવ્યા સિવાય ધ્યાન થઈ શકતું નથી અને ધ્યાન થવા સિવાય મન અંકુશમાં આવતું નથી. આમ બંને એકબીજાપર આધારિત છે. આ સંદર્ભમાં સ્વામી બુધાનંદ અને ભગવાન રમણ મહર્ષિના વિચારો જાણવા જેવા છે. સ્વામી બુધાનંદ કહે છે, "Unless you meditate, the mind cannot be controlled, and unless the mind is contralled, you cannot meditate. But if you think, First let me control the mind and then I shall meditate, you will never enter the path of spiritual life. You must do both at the same time–steady your mind and meditate." "ધ્યાન અને મનઃસંયમ એ બંને એકબીજા ઉપર આધાર રાખે છે. વસ્તુતઃ ધ્યાનમાં મનઃસંયમનો સમાવેશ થઈ જાય છે. મનઃસંયમ એટલે ધસી આવતા વિચારોની સામે સૂક્ષ્મ જાગરૂકતા. શરૂઆતમાં મનઃસંયમ માટેના પ્રયત્નો, ખરા ધ્યાન માટેના પ્રયત્નો કરતાં

વધારે હોય છે. પરંતુ, સમય જતાં ધ્યાનનો વિજય થતો જાય છે અને ધ્યાન પ્રયત્ન વગર આપોઆપ થવા માંડે છે."

એમ કહેવાય છે કે એક વિચાર અને બીજા વિચાર વચ્ચે શૂન્યની સ્થિતિ હોય છે. આ વખતે માણસ તેના આત્મસ્વરૂપે હોય છે. ધ્યાન વગેરે દ્વારા આ એક વિચાર અને બીજા વિચાર વચ્ચેનું અંતર વધારવાનું હોય છે અને એમ કરતાં કરતાં વિચારોની સંપૂર્ણપણે નિવૃત્તિ કરવાની હોય છે. આથી જ પૂજ્યશ્રી મોટાએ કહ્યું છે, "જો માણસો વિચારોની સાંકળ ન જોડે, તો પોતાના અસલ સ્વરૂપને પામી શકે."

પૂજ્યશ્રી મોટા કહે છે, "ધ્યાનમાં કોઇ પણ પ્રકારના વિચારો યોગ્ય નથી. એમાં કક્ષા કે ભૂમિકાનો વિચાર પણ ન કરવો, નહીંતર વળી મન ભ્રમણામાં રહેશે કે ચાલો ખરાબ વિચાર કરતાં સારા વિચારો આવે છે એટલું તો સારું જ ને! પૂજ્યશ્રીએ ધ્યાન સમયે આવતા વિચારોને નાથવા માટે જુદાં જુદાં સમયે વિસ્તારથી વાત કરી છે, જેને સરળતા ખાતર નીચે પ્રમાણેના મુદ્દામાં વહેંચીને દર્શાવી શકાય.

(૧) "ધ્યાનમાં બેસતાં પહેલાં જો વિચારો ખૂબ ઊભરાયા કરતા હોય, ત્યારે તેવી વેળાએ એમને એમ તેમને રાખીને ધ્યાનમાં કદી પણ ન બેસવું." તો (ધ્યાનમાં બેસવાનો) વખત થઇ ગયો હોય તો શું કરવું? "અરે પણ ભાઈસાહેબ! આપણે ધ્યાનમાં અમુક અમુક સમયે બેસવું છે એવો જાગ્રત ખ્યાલ નિશ્ચિતપણે રહ્યા કરતો હોય તો તે સમય પહેલાં આપણે મનને શાંત પાડવાનો જાગ્રત પ્રયત્ન કરવો જોઈએ. આવું કરનારને પોતાને તો તેની સમજણ પડે."



(૨) "અહીં પ્રશ્ન એ ખાય કે, 'કંઇ કામ કરવાનો વિચાર આવ્યો તો શું કરવું?' એવા જે મુદ્દા હોય તે આપણી નોટબુકમાં ટપકાવી લેવા, ને જે કામ કરવા જેવું હોય તે કરી નાંખવું એટલે પત્યું. એમ કરતાં કરતાં વિચારોની ઘટમાળ જરૂર અટકવા માંડે, અથવા તો આપણને જો ભગવાનની લગની લાગી જાય તોપણ તેમ થતું અટકી જાય."

(૩) "ધ્યાનમાં જે વિચારો ઊગે તે તો, નદીના કિનારા ઉપર આપણે બેઠાં હોઇએ ને જેમ નીચે પાણી વહ્યું જતું જોયા કરીએ છીએ, તેમ વિચારોને સાક્ષીભાવે માત્ર જોયા કરવાનો છે."

(૪) "જે વિચારને એમ ને એમ વહી જવા દે છે તેનામાં તાટસ્થ્યનો ગુણ સહજપણે કેળવાતો જતો હોય છે. માત્ર કોઇ **જીવ** બીજી કોઇ સાધના ન કરે, પણ એટલું જ કર્યા કરે કે અનેક પ્રકારની ઊઠતી વિચારોની પરંપરામાં તે પોતે જાતે આનુષંગિક બીજી સાંકળ ન જોડે તો તે પોતાના અસલ સ્વરૂપને પામી શકે."

(૫) "તમને કોઇ વ્યક્તિ કે પ્રસંગ બાબત એક વિચાર પ્રગટ્યો, તો તે ભલે પ્રગટ્યો. પરંતુ તે પછી એના આનુષંગિક Corresponding—એની સાથે સંકળાયેલા બીજા વિચારો પ્રગટે તો જાણવુ કે તે વ્યક્તિ કે વિચારની બાબતમાં આપણને આસક્તિ છે ને આપણે એમાં રસ લીધો કહેવાય. એક વિચાર ઊડતો ઊડતો એક છૂટી છવાઇ નાની વાદળી જેમ ઝડપથી આવીને ચાલી જાય તેમ આવીને ઊડી જાય કે પસાર થઇ જાય, તો તો કશો વાંધો નહીં, પરંતુ એ વિચારમાં રસપૂર્વક ભાગ ન લેવાય, અને ગાઢાં વાદળ પાછળ બીજાં વાદળ દોડી આવે છે

એવી રીતે તે આપણા અંતરના અવકાશને ઘેરી ન વળે તે આપણે જોવાનું છે. એક જ વિચાર આવીને પસાર થઇ જાય, તો તો કશો વાંધો નહીં, પરંતુ એ વિચારમાં રસપૂર્વક ભાગ ન લેવાય, અને ગાઢાં વાદળ પાછળ બીજાં વાદળ દોડી આવે છે એવી રીતે તે આપણા અંતરના અવકાશને ઘેરી ન વળે તે આપણે જોવાનું છે. એક જ વિચાર આવીને પસાર થઇ જાય એવો જ્ઞાનપૂર્વકનો અભ્યાસ કેળવ્યા કરવાનો છે."

(૬) "ધ્યાન કે પ્રાર્થના સિવાયના વખતમાં પણ આપણે મનને અભ્યાસ માટે પાંચ પાંચ મિનિટ (અરે ! શરૂઆતમાં તો બે ત્રણ મિનિટ તદ્દન શાંત અને ખાલી રાખવાને મથવું, ને પછીથી પણ જે વિચારો આવતા હોય (ન આવતા હોય તો સારું, પણ એ અઘરું છે.) તેને એની મેળે એમ ઊગવા ન દેવા. પણ આપણે જ મનને કહેવું કે 'ચાલ હવે તારે જેટલા વિચારો કરવા હોય તેટલા કરી લે.' ત્યારે એને સંપૂર્ણ સ્વતંત્રતા આપવી, પણ આપણે ત્યારે એ વિચારો સાથે ભળી જવું નહીં. અને જરાપણ રસ લીધાવિના, તટસ્થભાવે સાક્ષી તરીકે બધું નીરખવાનું રાખ્યા કરવું. પછીથી એનું આપણે પૃથક્કરણ કરવું, ને શું યોગ્ય હતું ને શું ન હતું તે વિચારવું, ને તે પ્રમાણે મનને પછીથી સમજાવવું. આ અભ્યાસ આપણે મનથી પર છીએ એવી સ્થિતિ–દશા–કક્ષાને પરિણમાવવા માટે જરૂરી છે. મન પ્રત્યેક વસ્તુ આપણી ધારી કરે ને એના દોરવાયામાં આપણે ન દોરવાયા કરીએ, એ જાગ્રત રહીને જોવાની ઘણી જરૂર છે. મનનાં ભેદ ને રમત, ખેલ જબરો છે. કોઇની કોઇ રીતે એ આપણને અંધારામાં રખાવ્યાં કરે છે."

(૭) "વિચાર કર્યાવિના કર્મ કેમ થઇ શકે, એવું કદાચ તમે



પૂછો, તો વિચારની સાંકળની પરંપરા ન પ્રગટે એવા પ્રકારનો જ્ઞાનયુક્ત એકધારો અભ્યાસ જ્યારે પ્રગટે છે, ત્યારે કર્મ યથાયોગ્ય ભાવથી ઉત્તમમાં ઉત્તમ રીતે એકાએક થઇ શકે એવી ભાગવતી પ્રેરણા અથવા અંતઃસ્ફુરણા મળ્યાં કરતી હોય છે. તે વેળા એ કર્મ કરવાને માટે એક પછી એક વિચારનાં પગલાંની જરૂર ઉદ્ભવતી નથી. તે વેળાએ કર્મ કરવા માટે વિચાર પ્રગટે જ છે એવું કશું નથી હોતું. વિચારનો ભાવ પ્રગટીને તે ભાવ કર્મમાં પ્રેરાઇને કર્મને પરિપૂર્ણ કરાવે છે. અને એવા પ્રકારનો જીવંત અભ્યાસ પ્રગટતાં તે પછી વિચારોની હારમાળા પ્રગટતી વિલીન થઇ જતી હોય છે. માટે જાગ્રત રહીને આપણે જ કર્યા કરવાનું છે તે આ એકાદ બે વિચારો પ્રગટ્યા કે તુરત સફાળા જાગ્રત થઇ જઇએ ને તેની હારમાળા ઉપજવા માંડે એટલામાં જ તેનાથી કેમ કરીને અટકી જઇએ તેના વિષે સાવધાની પ્રગટાવીએ."

શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

ગ્રીલ, દરવાજા, તેમ જ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમ જ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત–૩૯૫૦૦૭
ફોન : ૩૨૨૮૨૩૧

પૂ. માની નિશ્રામાં

# સ્વર્ગારોહણનો સ્વર્ગીય આનંદ

ડૉ. બી. જે. જાગાણી

યોગેશ્વર પરિવારના ભક્તો હોય અને પૂ. માની નિશ્રા હોય, સ્વર્ગારોહણતીર્થ હોય ત્યાં ગોકુળ, વૃંદાવન અને સઘળાં તીર્થો સર્જાય. આ વરસે સ્વર્ગારોહણ ખાતે તા. ૧૧ થી ૧૫ ઓગષ્ટ દરમિયાન નરસિંહ મહેતાને ભગવાન શંકરે શ્રીકૃષ્ણની રાસલીલા-ના દર્શન કરાવ્યાં એવી અનુભૂતિ સૌ સાધકોને પૂ. માની ઉપ-સ્થિતિમાં થઈ. કૃષ્ણ જન્મોત્સવ, મટકીફોડ યોગતીર્થ હોલ સજા-વટ, સ્વાતંત્ર્ય પર્વ, પ્રકાશના પંથેની અંગ્રેજી આવૃત્તિ. 'Steps Towards Eternity'નું વિમોચન, પૂ. શ્રીનો પાટોત્સવ વગેરે કાર્યક્રમોની શ્રૃંખલાઓની ઉજાણી, લ્હાણી અને પૂ. માનાં મુક્ત હાસ્ય, અઢળક આશીર્વાદ, દિવ્ય લીલાઓથી સૌ સાધકો—બાળકો પોતાની જાત, શરીર અને અસ્તિત્વને ભૂલીને મનમૂકીને નાચ્યાં, કીર્તન કર્યું, અને હરિરસને માણ્યો. આ રહ્યો વિગતવારનો કાર્ય-ક્રમ અને રસથાળ.

### ૧. 'કૃષ્ણ જન્મોત્સવ'

વડોદરાના સાધક ભાઈ—બહેનો દર વર્ષે વિશિષ્ટ રીતે કૃષ્ણ જન્મોત્સવ ઉજવે છે. પૂ. માની આજ્ઞાથી શ્રી પંડિતજીની લાક્ષ-ણિક શૈલીમાં અને શ્રી નરેન્દ્રભાઈ પટેલ(લાલાજી)ના મુક્ત કંઠે શ્રીકૃષ્ણ જન્મોત્સવની ઉજવણી સાંજના ૯ થી રાત્રિના ૧–૩૦ કલાક દરમિયાન પૂ. માની ઉપસ્થિતિમાં યોગેશૈવલ્ય હોલમાં ૨૫૦ સાધકોની વચ્ચે ઉજવાયો.



ખાસ પ્રકારની ઝૂંપડી પૂ. માએ તૈયાર કરાવી. પ્રેમી સાધકોએ શણગારી. મા–પ્રભુના સ્વરૂપને પણ પધરાવ્યાં. હીંડોળાને ફળ–શાકભાજીથી શણગાર્યો, હીંડોળામાં બંસીધારી કૃષ્ણ અને પૂ. શ્રીના સ્વરૂપને પધરાવ્યાં. ઝૂંપડીમાં હિમાલયના બરફનું દૃશ્ય સફેદ સાડીથી તૈયાર કર્યું. શાકભાજી, વેલીઓ, ફળો, પર્ણો ઘાસ અને લાઈટની સેરથી ઝૂંપડીથી સજાવટ ખૂબ આકર્ષક બની.

પૂ. શ્રી અને પૂ. મા રચિત પદોસહિત કુલ ૨૫ જેટલાં પદો તથા ધૂન શ્રી પંડિતજી, શ્રી નિલેશ ટેઈલર, શ્રી લાલાજી, શ્રી મીનાબેન તથા અન્ય સાધકોના સૂરીલા કંઠે ગવાયાં. ખૂબ જ ભાવવાહી ધૂન, ભજન અને સંકીર્તન વચ્ચે પૂ. મા પણ પોતાના કરકમળ, વદનકમળ, ચરણકમળથી પ્રેરણાત્મક ચેષ્ટાઓ કરીને સાધક–બાળકોને ઉત્સાહ પ્રેરતાં હતાં. પૂ. માને તો મૌન છે, છતાં પણ સ્લેટ પર દિવ્ય લીલાના અક્ષરદેહને કંડારવાનું કામ તો અવિરતપણે ચાલતું જ હોય છે. જે પદો ગવાયાં, ધૂમો ગવાઈ તેની પંક્તિઓ પણ નોંધ્યાવિના કેમ રહેવાય?

૧. રાધે ક્રિષ્ન ભજલે રે મનવા.
 રાધે ક્રિષ્ન ભજલે.....

૨. રાધે રાધે શ્યામ મિલાદે....

૩. શ્યામ સુંદર મદન મોહન રાધે ગોપાલ
 રાધે ગોવિંદ ભજો રાધે ગોપાલ

૪. જય જય વિઠ્ઠલ વિઠ્ઠલ વિઠ્ઠલા
 માઝા વિઠ્ઠલ પાંડુરંગા

૫. ભજમન ગિરિધર લાલ, નટવર ગોપાલા,

૬. ગોવિંદ મેરો હૈ, ગોપાલ મેરો હૈ,
 બ્રજ બાંકે બિહારી નંદલાલ મેરો હૈ.

૭. ભજમન ગિરિધર લાલ, નટવર ગોપાલા....

૮. ગોવિંદ મેરો હૈ, ગોપાલ મેરો હૈ,....

૯. ગોવિંદ ગોવિંદ ગાઈએ.....

૧૦. કૃષ્ણા, તારી પાસે માંગુ એટલું રે....

૧૧. જય રાધા માધવ જય કુંજ બિહારી

૧૨. રાધે ગોવિંદા મન ભજલે હરિકા પ્યારા નામ હૈ.....

૧૩. કૃષ્ણ કામણગારા આવો,.....

૧૪. હરિ નારાયણ નારાયણ હરિ હરિ....

૧૫. બોલો નારાયણ, જય જય વિઠ્ઠલા.

૧૬. તારા વિના શ્યામ મને એકલડું લાગે....

૧૭. હિંચકે ઝૂલવા આવો મારા વ્હાલા....

૧૮. કૃષ્ણ ગોવિંદ ગોવિંદ ગોપાલા....

૧૯. જેના હાથે શોભી રહી છે વાંસળી રે....

૨૦. બંધ બારણે ટકોરા મારે તો...

૨૧. મને દર્શન દેજે વ્હાલા રે, શ્યામલ ગિરિધારી....

૨૨. વ્હાલા રૂમઝૂમ કરતા કાન મારા ઘેર આવોને....

૨૩. નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયા લાલકી....

૨૪. ધન્ય આજની ઘડી રે રળિયામણી....

૨૫. આજ અહીં આવ્યો રે, મોહન ગિરિધારી....

ભગવાન શ્રીકૃષ્ણના જન્મ સમયે ગગનભેદી શંખનાદ, ધૂન, સંકીર્તન અને નારાઓથી આખો હોલ ગુંજી ઊઠયો. પૂ. મા પણ પ્રસન્ન થયાં. શ્રી પંડિતજી અને સાથીઓએ એવું વાતાવરણ ઊભું કર્યું કે જાણે પૂ. શ્રી યોગેશ્વરજીનો પ્રાકટયદિન ન હોય? પૂ. શ્રીનો



જન્મદિવસ પણ ૧૫ ઓગષ્ટ–૧૯૨૧ હતો. રાત્રે સૌને પ્રસાદ અને પંજરી મળ્યાં. સૌએ પારણું ઝૂલાવીને કાર્યક્રમ પૂર્ણ કર્યો. બીજા દિવસે સવારે પૂજનવિધિ કરી. જાતજાતની મીઠાઈ પ્રભુને ધરાવી. બધા સાધકોને વિવિધ મીઠાઈનો એક–એક વાટકો પ્રસાદ મળે તેટલી મીઠાઈ આવી. આ બધા દિવસો દરમિયાન તા. ૧૦ થી ૧૪ સુધી પૂ. શ્રીની ૮૦ બાવની તથા ૮૦ ૐ યોગેશ્વરાય નમઃની માળાનો અર્ઘ્ય સમૂહગાન સાથે અર્પણ કરવામાં આવ્યો.

**યોગતીર્થ હોલની સ્થાપના અને સજાવટ**

પૂ. શ્રી યોગેશ્વરજી સરોડા ગામે ૧૯૨૧ માં ૧૫ મી ઓગષ્ટે અવતર્યા ત્યારથી માંડીને ૧૮ માર્ચ ૧૯૮૪ ના દિને પોતાની લીલા સંકેલી ત્યારસુધીની વિવિધ ઘટનાઓ, લીલાઓને અક્ષર-દેહ, સ્વરૂપદેહ (ફોટોગ્રાફી) તથા સ્મૃતિઓને શ્રી યોગતીર્થ હોલમાં જુદા જુદા છ વિભાગો નિર્માણ થાય તે રીતે ગોઠવી. શ્રી શાંતિ-ભાઈ કનેરિયાએ તૈયાર કરાવેલ આ હોલમાં પૂ. માએ શ્રી યોગ-તીર્થની સજાવટ માટે એક વર્ષસુધી તનતોડ મહેનત કરીને સમય આપ્યો. આ તીર્થમાં પૂ. શ્રીનાં વિવિધ સ્વરૂપો, વસ્તુઓ, લખાણ, પૂ. જ્યોતિર્મયી માતાજીનાં સ્વરૂપો, વસ્તુઓ અને પૂ. શ્રીની કર્મ-ભૂમિના મોડેલ્સ, સાધના ભૂમિના મોડેલ્સ મૂકવામાં આવ્યાં છે. સરોડાનું ઘર આબેહૂબ, દેવપ્રયાગની કુટિયા તથા મસૂરીની ગાંધી-નિવાસ સોસાયટીના દૃશ્યોને પૂ. માએ મોડેલોદ્વારા જીવંત કર્યાં છે. દેવપ્રયાગના શાન્તાશ્રમને જીવંત કરવામાં પૂ. માએ ખૂબ કાળજી લીધી છે. સ્થાનની ભયાનકતાનો ખ્યાલ આપતા સાપ, વીંછી, રીંછ વાનરો વગેરેને મૂકીને પૂ. માએ ત્યાંની વાસ્તવિક પરિસ્થિતિનો ખ્યાલ આપ્યો છે.

ઉત્તમ પ્રકારનું ફરનીચર મટીરીયલ્સ, ઉત્તમ પ્રકારની કોત-

રણી, ઉત્તમ પ્રકારની કારીગરી અને ઉત્તમ પ્રકારની ગોઠવણીથી શ્રી યોગતીર્થમાં પ્રવેશતાં જ પૂ. શ્રીનાં વિવિધ સ્વરૂપોપર ધ્યાન થઇ જાય છે. શ્રી યોગતીર્થમાં પ્રવેશીને સાધક અનુભવ કરી શકે કે શ્રી યોગશ્વરજી એકમાંથી અનેકરૂપે પ્રગટયા છે.

સામાન્ય રીતે સ્વરૂપો તૈયાર થાય એટલે એક એક સ્વરૂપ યોગ્યસ્થાને ગોઠવાય. પણ અહીં તો પૂ. માની દિવ્ય દૃષ્ટિ અને દિવ્ય સ્પર્શે એટલે વાત જ શી? પ્રત્યેક સ્વરૂપની પૂ. માના ખંડ-માંથી લઇ શ્રી યોગતીર્થમાં પધરામણી કરી ત્યારે સ્વર્ગારોહણમાં ધૂન, ભજન, કીર્તન, નર્તન આરતી સાથે ભક્તિફેરી–શોભાયાત્રા કાઢવામાં આવી. પૂ. માએ પસંદ કરેલા સાધકોએ ધોતી અને ખેસમાં સજ્જ થઇ આ સ્વરૂપોને ઉપાડવાનાં, શોભાયાત્રામાં સ્વરૂપો રાખવાનાં ફેરવવાનાં અને સ્વરૂપ સાથે નૃત્ય કરતા કરતા શ્લોકના ગાન સાથે નિશ્ચિત જગ્યાએ પધરાવવાનાં. કુલ ત્રણ દિવસસુધી આખા દિવસ દરમિયાન આ પ્રવૃત્તિ જ કરવાની. જાણે કોઇ મહા ઉત્સવનો માહોલ જ જોઇ લો.

પૂ. મા રાત્રે આ બધા સ્વરૂપોની ગોઠવણી કરે. યોગ્ય રીતે પધરાવે, લખાણ મૂકે. ત્રણ આખી રાતસુધી ૧૦–૧૨ સાધકો સાથે શ્રી યોગતીર્થમાં અવિરતપણે પૂ. માએ શ્રી યોગતીર્થની સજાવટ કરી. તા. ૧૫ મી ઓગષ્ટની સવારે તો શ્રી યોગતીર્થમાં પ્રવેશતાં જ લાગે કે ગઇકાલસુધી જ્યાં કશું જ નહોતું ને એક રાતમાં પૂ. શ્રીના આટલાં બધાં સ્વરૂપો પ્રગટયાં ક્યાંથી?

૧૫ મી ઓગષ્ટે સવારે સમૂહમાં પ્રણામ કર્યા પછી પૂ. મા સ્લેટ પર લખીને જણાવે છે કે "છેલ્લા ચાર દિવસથી અહીં સતત ઉત્સવ ચાલી રહ્યો છે, આજે પૂ. શ્રી ઉપર (શ્રી યોગતીર્થમાં) પધાર્યા, પ્રતિષ્ઠિત થયા. શ્રી વિનોદભાઇ પટેલ અને તેમનાં ધર્મ-



પત્ની સરોજબેન જે સ્વરૂપ હાથમાં રાખીને શોભાયાત્રામાં ફર્યાં તે ન્યૂજર્સીનું છે. પૂ. શ્રી ૧૯૮૧ માં તેમને ત્યાં હતા ત્યારે શ્રી વિનોદભાઇએ એ તસ્વીર લીધી હતી. શ્રી વિનોદભાઇએ તૈયાર કરીને તે સ્વરૂપ અહીં મોકલ્યું અને પોતાના હાથે જ પધરાવ્યું. કેવો સરસ મંગલ યોગ? ખાસ અગત્યની વાત તો એ છે આજે શ્રી વિનોદભાઇ તરફથી પ્રત્યેક સાધકને પૂ. શ્રી, પૂ. માતાજી અને પૂ. માનું એક સ્વરૂપ પણ પ્રસાદીમાં મળશે. આજે હવે વિશેષ નિયમો તો લેવા જ પડે. હવે તો પ્રણામના સ્થળો વધી ગયાં છે. તો શું કરીએ? શ્રી યોગતીર્થમાં પ્રણામના કેટલાં બધા તીર્થો એકી સાથે પ્રગટી ગયાં છે? કુલ છ તીર્થો છે. દરેક તીર્થને ૧૦૮–૧૦૮ પ્રણામનાં ફૂલ તો ચડાવવાં જ પડે."

૧. પ્રવેશદ્વારાના તીર્થમાં ત્રણ સ્વરૂપો છે. ૨. પૂ. માતાજીનું તીર્થ. ૩. વિદેશયાત્રા તીર્થ. ૪. સત્યપથ તીર્થ. ૫ દિવ્ય વિદાય તીર્થ. ૬. જીવનદર્શન તીર્થ. આ ફૂલ (પ્રણામ) કોને ચઢાવવાં છે? સસ્તાં છે, આજે તમારી અનુકૂળતાએ પ્રણામની પૂજા કરજો. અમે પણ વિચાર્યું છે કે તમે બધા આશીર્વાદ આપશો તો અમે પણ પ્રણામ કરીશું.

ઉત્સાહી, શ્રદ્ધાળુ સાધક ભાઇબહેનોએ પૂ. માએ દર્શાવેલ છએ તીર્થોમાં ૧૦૮–૧૦૮ પ્રણામ (કુલ ૬૪૮ પ્રણામ)નો અર્ઘ્ય ધર્યો. પૂ. માએ પણ પ્રત્યેક સ્વરૂપને પ્રણામ કર્યા. અરે, પ્રત્યેક લાદી દીઠ પૂ. મા ખૂબ ભાવ ને ધન્યતાપૂર્વક પ્રણામનો અર્ઘ્ય પ્રભુને ધરતાં રહ્યાં. પ્રત્યેક તીર્થને પ્રદક્ષિણા થઇ શકે તેવી ગોઠ-વણ આ શ્રી યોગતીર્થમાં પૂ. માએ કરી છે.

શ્રી અતુલભાઇ પંચાલ, શ્રી તારકભાઇ તથા ૪૦ જેટલા કારીગરોએ શ્રી યોગતીર્થ તૈયાર કરવામાં પૂ. માની દિવ્ય દૃષ્ટિને

ભૌતિકરૂપ આપ્યું, શ્રી બિપીનભાઇ તન્ના, વિજયભાઇ કનેરિયા, ડૉ. અરૂણાબેન, શ્રી રાજુભાઇ જાની વગેરેએ પૂ. માના પડયા બોલ ઝીલ્યા, અન્ય નામી–અનામી સાધક ભાઇબહેનોએ પણ શ્રી યોગતીર્થમાં ભક્તિભાવ દીલ ઠાલવીને રેડયો.

## સ્વાતંત્ર્યપર્વની ઉજવણી

૧૫ મી ઓગષ્ટ–૧૯૪૭ના રોજ ભારતદેશે રાજકીય આઝાદી પ્રાપ્ત કરી. પૂ. શ્રીએ આઝાદી માટે જગદંબાને અવિરત પ્રાર્થનાઓ કરેલી, જેનો આધાર 'પ્રકાશના પંથે' પુસ્તકમાં પૂ. શ્રી દ્વારા જ આપવામાં આવ્યો છે. પૂ. માએ આઝાદીના પર્વની ઉજવણી માટે તૈયારી કરાવી. કુટિયાની આગળ ધ્વજવંદન માટે એક સ્તંભ રોપાવ્યો. યોગશૈવલ્યમ્ હોલમાં નાના નાના બાળકોને રાષ્ટ્રધ્વજનાં પ્રતીકો પૂ. માએ આપ્યાં. ૫૦ જેટલા બાળકો, પૂ. શ્રીનાં સ્વરૂપો, પૂ. મા તથા સૌ સાધકોએ દેશભક્તિના ગીતો સાથે સ્વર્ગારોહણમાં ફેરી કાઢી. ધ્વજવંદનના સ્તંભ સમક્ષ સૌ ગોઠવાઇ ગયાં. શ્રી કલ્યાણે પરંપરાગત રીતે પૂ. માના હસ્તે ધ્વજવંદન કરાવ્યું. પૂ. માએ સ્લેટપર સંદેશ લખ્યો કે આપણો પ્રિય અને પૂજ્ય ભારત દેશ સારા નેતા અને સંતોથી રક્ષાયેલો રહે એ જ પ્રાર્થના.' રાષ્ટ્રગીતનું સમૂહગાન થયું. નારાઓ ગવાયા. અમેરિકાથી પધારેલા સુશીલાબેન ભક્તે સુરીલા ભાવપૂર્ણકંઠે રાષ્ટ્રગીતો ગાયાં. પ્રત્યેક વર્ષે આવી રીતે આ રાષ્ટ્રીય પર્વની ઉજવણી થાય તેમ કરવા પૂ. માએ સૂચવ્યું.

પ્રત્યેક સંસ્થાને પોતાનો ધ્વજ હોય છે. ખાસ તૈયાર કરાવેલ ધ્વજનું આરોહણ કુટિયા તથા શ્રી યોગતીર્થના ગુંબજ પર કરાવ્યું. શ્રી નિલેશભાઇ ટેઇલરે પૂ. મા રચિત દેશભક્તિના ગીત 'જય ભરત ખંડ, જય હિમાલય'નું સમૂહગાન ગવરાવ્યું. પૂ. મા પણ



આ પ્રસંગે ખૂબ જ પ્રસન્ન થયાં. સહજ રીતે આઝાદીના આ પર્વની ઉજવણી થઇ ગઇ. સંતોની રીત જ અનોખી હોય છે. સાંજે ૬ કલાકે વરસાદ વરસવાનું શરૂ થયું ત્યારે પૂ. માએ સ્વ-હસ્તે જ રાષ્ટ્રધ્વજને ઉતારવાની ક્રિયા પોતાના હાથે કરી. સમૂહ-માં ચાલતા કાર્યક્રમમાં કોઇ પણ પ્રકારની વિશેષ વિધિવિના રાષ્ટ્ર-ધ્વજને રાષ્ટ્રીય સન્માન સહજરીતે મળી જાય તેવી પૂ. માની આગવી રીતભાતને પ્રણામ કર્યાવિના કેમ રહેવાય?

'શિવમ્‌ની ઇચ્છા છે તો મટકી ફોડ ક્યારે ને ક્યાં કરીશું' પૂ. મા આવી રીતે કનૈયાને પ્રિય એવી મટકી ફોડનો કાર્યક્રમ નિશ્ચિત કરે છે. શિવમ્ શ્રી વિજયભાઇ કનેરિયાનો પુત્ર છે. નાનકડો બાળ છે. રાજકોટના વતની એટલે શહેરનો મટકીફોડ વિશેષ કાર્યક્રમ હોય છે. પૂ. માની આગવી પ્રેરણાથી આ કાર્યક્રમ યોજાય છે. સાંજના ૫–૦૦ કલાકે સ્વર્ગારોહણતીર્થમાં ત્રણ મટકીઓ બાંધવામાં આવી હોય છે તે ગોપ–ગોપીકાઓ વચ્ચે હરિફાઇ અને સંકીર્તન સાથે ફોડવામાં આવે છે. બે મટકી શિવમ્‌દ્વારા ફોડવામાં આવે છે. મટકીમાં સૂકો મેળો અને માખણ–દહીંનો પ્રસાદ છે. મટકી ફૂટે છે એટલે પ્રસાદનો ઢગલો નીચે ઊભેલા ગોપ–ગોપીકાઓનો વેશ ધારણ કરેલ સાધકો પર થાય છે. પ્રસાદ લૂંટવા–લેવા હરિફાઇ થાય છે. બીજી મટકી શ્રી બીજલ ભટ્ટ ફોડે છે. બહેનો પણ કેમ પાછળ રહી જાય? બધા નાચી ઊઠે છે. પૂ. મા પણ નાચવાની પ્રેરણા આપે છે. સૌ પોતાને વિસરી જાય છે. શ્રી યોગતીર્થના ગુંબજ પરથી પૂ. મા, સ્મિતાબેન, શ્રી સુશીલાબેન શ્રી વિજયભાઇ, શ્રી શિવમ્ પ્રસાદ અને સૂકા મેવાનો વરસાદ ગોપ–ગોપીકાઓ પર વરસાવે છે. નીચે ભક્તોના ટોળાં પર

સરખી રીતે પ્રસાદની વર્ષા થાય તેની કાળજી પૂ. મા રાખે છે. સૌને લાગે છે કે આપણે સૌ કૃષ્ણની વચ્ચે છીએ. પૂ. મા પણ એવો જ અનુભવ કરાવે છે. ગોપ–ગોપીકાઓ પર પાણી પણ છંટાય છે. સૌને નિર્દોષ આનંદ લૂંટવાની મજા પડી જાય છે. પૂ. માનું સૂત્ર છે "નિર્દોષ આનંદ જ્યાંથી પણ મળે ત્યાંથી લૂંટો."

## 'Steps Towards Eternity(પ્રકાશના પંથે)ની અંગ્રેજી આવૃત્તિનું વિમોચન'

શ્રી પ્રગતિબેન જાનીના મસ્તકપર આ પુસ્તકની પોથી મૂકાય છે, પૂ. માને મન આ પુસ્તક પૂ. ગુરુદેવ પ્રભુનું ભાગવત જ છે. પૂ. માનો આવો ભાવ છે. તેથી સ્વર્ગારોહણમાં તેની શોભાયાત્રા નીકળે છે. આગળ પૂ. શ્રી, પૂ. મા, તથા જ્યોતિર્મયી માતાજીનાં ત્રણ નવાં સ્વરૂપો અને વચ્ચે પુસ્તકની શોભાયાત્રા. સૌ નર્તન કરે છે. કુટિયામાં સ્વરૂપો પ્રતિષ્ઠિત થાય છે. પછી પૂ. માના વરદ હસ્તે આ ગ્રંથનું વિમોચન થાય છે. આ ગ્રંથ તૈયાર કરવામાં શ્રી મહેન્દ્રભાઈ દેસાઈએ ભાષાનુવાદ કર્યો. તેનો આભાર પૂ. મા માને છે. પૂ. માની સૂચનાથી–મુંબઈની શ્રી બીજલ ભટ્ટ આ અંગ્રેજી ભાષાંતર કેવું સારું ને સરળ છતાં ભાવવાહી થયું છે, તે અંગે પોતાના પ્રતિભાવો વ્યક્ત કરે છે. તેણે પુસ્તક છપાવા ગયું તે પહેલાં તેનાં કેટલાંક પૃષ્ઠો વાંચ્યાં છે.

આ પુસ્તકની અંગ્રેજી આવૃત્તિનું પ્રકાશન એટલે પૂ. શ્રીના જીવન અને સાધનાને જાણવાનો ને સમજવાનો એક નવો દરવાજો પશ્ચિમની દુનિયાના અંગ્રેજીભાષી લોકો માટે ખુલ્યો. આથી ભારતીય યોગસાધના શું છે અને તેને પોતાના જીવનમાં અનુવાદિત કરવા માટે આ એક સંત મહાપુરુષે કેવો ભગીરથ પુરુષાર્થ



કર્યો છે. તેની જાણકારી ભૌતિક સમૃદ્ધિને જ જીવનનું સર્વસ્વ માની બેઠેલી–પશ્ચિમના લોકોને થશે. ઈચ્છીએ કે પૂ. શ્રીનાં અનેક પુસ્તકો આ રીતે અનુવાદિત થઈ, પશ્ચિમના સાચા આધ્યાત્મિક જ્ઞાનપિપાસુઓસુધી પહોંચે. આ તો મંગલાચરણ લેખાય.

સુયોગ તો જુઓ. શ્રી લક્ષ્મીદાસ ઘોષ દિલ્હીથી આજે બપોરે આવ્યા છે. તેઓ હિન્દી અને અંગ્રેજી જ જાણે છે. પૂ. મા પ્રતિભાવ આપવા શ્રી ઘોષને જણાવે છે. તેઓ પ્રતિભાવ આપે છે. અને પૂ. મા આ પુસ્તકની પ્રથમ નકલ તેમને પોતાના હાથે આપે છે. તે હવે પૂ. શ્રી અંગે અંગ્રેજીમાં જાણતા થશે. 'સુપાત્રે થયું દાન.' ગીતાનો સંદેશ જીવંત બન્યો. એક પ્રતમાં પૂ. માએ પૂ. શ્રીનાં સ્વરૂપો–ફોટાઓ દર્શાવ્યાં. સૌને આનંદ થયો. શ્રી રાજીવ જાનીએ પણ પૂ. શ્રી અંગે સ્મરણ રજૂ કરતાં કહ્યું કે પૂ. શ્રીની આત્મકથાના વાંચને તેના જીવનનો દૃષ્ટિકોણ ને પ્રવાહ બદલી નાંખ્યો.

પુસ્તકના પ્રકાશનના ખર્ચને પહોંચી વળવાનો સુયોગ કેવી રીતે થયો તે અંગે પૂ. માએ વાત કરી અને મેમ્ફીસના શ્રી લક્ષુભાઈ અને ગુલાબબેનનો આભાર માન્યો. જે જે વ્યક્તિઓએ આ પુસ્તકના સર્જનમાં સહકાર આપ્યો તે તે સૌનો આભાર પૂ. માએ માન્યો. પુસ્તકના પ્રકાશનમાં અંગત રસ લેનાર સુરતના શ્રી વોરાજીને પણ પૂ. માએ યાદ કર્યા.

પ્રા. તરલાબેન પણ એક દિવસ હસ્ત નક્ષત્રની જેમ વાણીનો વરસાદ પૂ. માની ભક્તિ માટે વરસાવી ગયાં. પૂ. માની પરિચય પુસ્તિકા છપાવીને આપી ગયાં. પૂ. માએ તે પુસ્તિકા પણ પરિવારદીઠ એક એક આપી. તરલાબેનનો પણ આભાર માન્યો. પ્રા. તરલાબેન જેવા અતિવ્યસ્ત વ્યક્તિ વિશેષ એક દિવસ માટે પણ સ્વર્ગારોહણ તીર્થમાં ઉપસ્થિત રહ્યાં તેનાથી સૌ પ્રસન્ન થયા.

તેઓની પૂ. મા વિષેની સમજ સહુને સ્પર્શી ગઇ.

શ્રી સુશીલાબેનની પૌત્રી રાધિકા પણ અમેરિકાથી આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી. ગુજરાતી ભાષા નથી આવડતી છતાં 'નહીં રે વિસારું હરિ અંતરમાંથી' પદ સરસ રીતે મધુરકંઠે ગાયું. પૂ. માએ આશિષ અને ધન્યવાદ આપ્યાં. પોતાની દાદીનો સંગીત-નો વારસો તેનામાં ઉતરેલો સહુએ અનુભવ્યો.

શ્રી ઘનશ્યામભાઇ દેસાઇની વ્યવસ્થાકીય અવિરત સેવા, શ્રી રંજનબેન દેસાઇ, શ્રી ઉર્વશીબેન, શ્રી મધુબેન, શ્રી નીલાબેન, શ્રી પદ્યુમનભાઇ, શ્રી પ્રભુભાઇ, શ્રી સુરતીયાની રસોડાની સેવાઓથી સૌને સમયસર સાત્ત્વિક આહાર મળ્યો. શ્રી હેમલભાઇ, શ્રી ચંદ્ર-કાંત પટેલ, શ્રી અજય કલોલાએ ઐતિહાસિક ઘટનાની તસ્વીરો પાડી, વીડીયો ઉતાર્યો અને સ્મૃતિઓ સર્જી. શ્રી રાધિકા, શ્રી વિનોદભાઇ પટેલ, શ્રી સરોજબેન, શ્રી પ્રેરણા વગેરેએ અમેરિકા-થી લાવેલ પ્રસાદ અર્પ્યો. પૂ. માએ સૌને લીલા કરાવી સહભાગી કર્યા. મુક્ત હાસ્ય દર્શન અને દિવ્ય આનંદની લ્હાલી કરાવી. 'ભગવાન અને ભક્ત કાયમી છે' એવી પ્રા. તરલાબેનની ઉક્તિને સાર્થક કરી. શ્રી કલ્યાણ, શ્રી બાબુભાઇ વ્હોરા, શ્રી બાલુભાઇ પટેલ, શ્રી શાંતિભાઇ, શ્રી નારાયણભાઇ જાનીની ઉપસ્થિતિએ પૂ. મા પ્રસન્ન બન્યાં. સ્વર્ગારોહણમાં સ્વર્ગીય આનંદ કેવો હોય તેની અદ્‌ભુત અનુભૂતિ સાથે–'**क्षीणे पुण्ये मर्त्यलोके विशन्ति**' જેમ સહુ સાધક ભાઇબહેનો જાણે સ્વર્ગમાંથી પોતાના સાંસારિક જીવનના જગતમાં ઉતરી આવ્યા. એક જ ભાવ સાથે–પૂ. મા ફરી પાછાં આ દુનિયામાં જલ્દી જલ્દી બોલાવે–સ્વર્ગીય આનંદ ધરનાર પૂ. મા–પ્રભુનો જય હો, જય હો, જય હો.



# તીર્થયાત્રા

સંકલન : જ્યોત્સ્ના ત્રિવેદી

પવિત્ર તીર્થનો મહિમા સાંભળવાથી મનુષ્ય તુરત જ તીર્થ-યાત્રા માટે નીકળી પડે છે. ત્યાં ગયા પછી તે મનુષ્ય પોતે જેવું સાંભળ્યું હોય તેવું જ ત્યાં નિહાળે છે. ત્યાં ભાવથી સ્નાનાદિ કર્મ કરી રાજસ દાન કરે છે, અને રજોગુણી થઇ તે તીર્થમાં રહે છે પણ ખરો, તેમ છતાં રાગદ્વેષ દૂર ન થવાથી કામક્રોધાદિથી ઘેરા-યેલો તે પુનઃ ઘેર આવી અગાઉની જેમ જ રહે છે, કારણ એ કે રજોગુણના સંગથી તેને તીર્થયાત્રાનું ફળ મળ્યું નથી.

જેમ ખેતરમાં પાકેલું અન્ન ખાવાના ઉપયોગમાં આવે એ જ ખેતીનું ફળ કહેવાય છે, તેમ નિષ્પાપ થવું એ જ તીર્થનું ફળ ગણાય છે. કામ, ક્રોધ, લોભ, મોહ, તૃષ્ણા, દ્વેષ, મદ, ઈર્ષ્યા, અસૂયા અને અશાંતિ આ સર્વ પાપી દેહના વિકારો છે, જે મનુષ્ય પાસે પાપ કરાવે છે. આ વિકારો શરીરમાંથી ન નીકળે ત્યાંસુધી મનુષ્ય પાપી ગણાય છે. તીર્થયાત્રા કરવા છતાં મનુષ્યના દેહમાંથી તે દૂર થાય નહિ, તો પછી તેણે કરેલો શ્રમ નકામો છે. જેમ ખેડૂતે શ્રમ લઇ ખેતરને ફરતી વાડ કરી હોય, વેરાન જમીનને સારી રીતે ટાઢ તડકાની પરવા કર્યાવિના ખેતરનું રક્ષણ કરી સારું ફળ પ્રાપ્ત કરવા માટે ઘણું જ દુઃખ વેઠયું હોય, તે ખેડૂત જો આળસુ બનીને હેમંત ઋતુમાં સૂઇ જાય અને જંગલી પશુઓ, પક્ષીઓ, તીડો, ઉંદરો વગેરેથી પાકનું રક્ષણ કરે નહિ, તો તે ખેડૂતની તમામ મહેનત અફળ જાય છે. તેવી રીતે રાગદ્વેષ દૂર કર્યા વગર કરેલી તીર્થયાત્રા પણ મોટાભાગે નિષ્ફળ બને છે.

(દેવીભાગવત સ્કંધ ત્રીજો, અધ્યાય આઠમો)

## * લવાજમ મોકલવા સૂચના *

અધ્યાત્મ માસિક ૨૨ વર્ષ પૂરાં કરી, ત્રેવીસમા વર્ષમાં પ્રવેશ કરે છે. તેથી જેઓ વાર્ષિક લવાજમ ઓક્ટોબરથી ભરતા હોય અને તે રીતે ગ્રાહક નોંધાયેલા હોય તેઓને તેઓનું લવાજમ તંત્રી, અધ્યાત્મ, પ્લોટ નં. ૧૬૮૮/બી, સરદારનગર, ભાવનગર–૩૬૪૦૦૧ ને મનીઓર્ડરથી મોક- લાવી આપવા વિનંતી છે.

વાર્ષિક લવાજમ ભારતમાં રૂ. ૨૫ છે અને આજીવન સભ્ય ફી રૂ. ૨૫૧ છે. લવાજમ ડ્રાફ્ટ કે મનીઓર્ડરથી મોકલાવી શકાય. આઉટ સ્ટેશનના ચેકો ઉપર કમિશન લાગતું હોઇ ચેક સ્વીકારવા-માં આવતા નથી. ડ્રાફ્ટ 'સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ'ના નામે પણ મોકલી શકાય.

જે ગ્રાહકો ધ્યાનકેન્દ્રો મારફતે પોતાનાં નામ અને પૈસા મોકલતા હોય, તેઓએ જે તે કેન્દ્રો મારફત પૈસા ને સરનામા જલ્દીથી મોકલાવવા વિનંતી છે. સહુના સહકારની અપેક્ષા છે.

— તંત્રી

## ખાસ વિનંતી

જોવામાં આવ્યું છે કે ગ્રાહકોને કોઈપણ કારણસર અંક ન મળતા હોય, તો તેઓ ઘણી મોડેથી જાણ કરે છે. તો વિનંતી છે કે બીજા જ મહિને તેની જાણ તંત્રીને કરે. સરનામામાં ફેરફાર હોય તો તે પણ જલ્દીથી જણાવે. આમ કરવાથી ફરિયાદોનો જલ્દીથી ઉકેલ આવે છે. અમેરિકા અને કેનેડાના કોઇ ગ્રાહકોને અંક ન મળવા અંગેની ફરિયાદ હોય તો તેઓ Vinod K. Patel, OM MAA 8224, Kennedy BLVD North Bergen, N. J. 07047 U.S.A. ને પણ કરી શકાય. તેઓનો ફોન નં. 001 861 6810 છે. Fax No. 212 23 78 282 છે. તેઓને આ માટે થોડા વધારાના અંકો મોકલવામાં આવે છે.

— તંત્રી



# રામકથા

(ગતાંકથી ચાલુ) યોગેશ્વરજી

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

ભગવન્નામસ્મરણની સુધાનો સ્વાદ લેતા નારદજી એ દિવસે બપોરે એકાંત અરણ્યની કેડી પરથી પસાર થઇ રહેલા, ત્યારે વાલ્મિકી એમનો રસ્તો રોકીને ઊભા રહ્યા.

દેવર્ષિ નારદે કહ્યું : 'અરે, તું કોણ છે, અને મારા રસ્તાને કેમ રોકી રહ્યો છે?'

'મારું નામ રત્નાકર છે. મારું કામ આ પ્રદેશમાંથી પસાર થતાં પ્રવાસીઓને લૂંટવાનું છે.'

'લૂંટવાનું ?'

'હા. લૂંટવાનું. અને જરૂર પડે તો ખતમ કરી નાંખવાનું.'

'ત્યારે તો તું શૂદ્ર લાગે છે. એથી જ આવું દુષ્ટ કર્મ કરી રહ્યો છે.'

'ના. હું શૂદ્ર નથી, પરંતુ બ્રાહ્મણ છું. મારો જન્મ ઉત્તમ બ્રાહ્મણ કુળમાં થયેલો છે.'

'બ્રાહ્મણકુળમાં જન્મીને આવું કુકર્મ કરી રહ્યો છે? બ્રાહ્મણ તો તપ કરે, શાસ્ત્રાધ્યયન કરે, વેદ ભણાવે તથા ભણે, ને સેવા કરે, એ કાં આવું કુકર્મ ન કરે.'

'મારું કર્મ ઉત્તમ છે.' રત્નાકરે કહ્યું.

'બિલકુલ નહિ.' નારદજી બોલ્યા : 'આ કર્મ તો અધમ છે.'

'અધમ કે ઉત્તમની ચર્ચામાં નહિ પડું. એવી ચર્ચામાં પડવાનો વખત પણ મારી પાસે ક્યાં છે? હું તો આ કર્મ કરીને મારા કુટુંબનું ભરણપોષણ ઘણી સારી રીતે કરી રહ્યો છું, એટલે મારે માટે આ કર્મ ઉત્તમ જ છે.'

'ભરણપોષણ તો કાગડા, કૂતરાં તથા બિલાડાં પણ કરે છે. એ મુદ્દો કાંઇ બહુ મહત્ત્વનો નથી. મહત્ત્વનો મુદ્દો તો એ છે કે, તું મનુષ્ય છે ને બ્રાહ્મણ છે, એટલે તારે પ્રત્યેક કર્મ સારાસારનો વિચાર કરીને જોઇવિચારીને કરવું જોઇએ. તું કુટુંબના ભરણપોષણને માટે લોકોને રંજાડવાનું, લૂંટવાનું ને મારવાનું કામ કરે છે, પણ એ કુકર્મોનું ફળ તારે જ ભોગવવું પડશે. જે કરે છે તે પામે છે એ નિયમ છે. એ નિયમમાંથી તું છૂટી નહિ શકે. તારા કુટુંબી તારા કર્મફળમાં ભાગ પડાવવા નહિ આવે.'

રત્નાકરે હસીને કહ્યું : 'તારે મારા મનમાં ભ્રાંતિ પેદા કરીને છટકી જવું લાગે છે. એટલે જ આવો ઉપદેશ આપી રહ્યો છે.'

'ના. મારે છટકી નથી જવું. તું મને ભલે લૂંટી લેજે. મારી પાસે વીણા, કરતાલ ને કપડાંવિના બીજું છે જ શું? હું તો તારા કલ્યાણની વાત કહી રહ્યો છું. તને શંકા લાગતી હોય તો ઘેર જઇને તારાં કુટુંબીજનોને પૂછી આવ કે એ તારા કર્મફળમાં ભાગ પડાવશે કે નહિ.'

'એમ કરીને મને ઘેર મોકલીને તારે નાસી જવું લાગે છે. તું ભારે ચતુર લાગે છે, પણ મારી આગળ એ ચતુરાઇ નહિ ચાલે. હું તારા કરતાં પણ વધારે ચતુર છું એની ખબર કદાચ તને નહિ હોય.'

નારદે કહ્યું : 'મારે નાસી નથી જવું. તું આવીશ ત્યાંસુધી હું



અહીં ઊભો રહીશ. મારા વચનમાં વિશ્વાસ રાખ.'

'એવો ખોટો, પાયા વિનાનો, વિશ્વાસ કેવી રીતે રાખી શકું?'

'તો પછી....'

'તો પછી બીજું શું? તારી વીણા ને કરતાલ અત્યારે જ લઇ લઉં છું એટલે તું નાસી જાય તોપણ હરકત નહિ. અને આ વૃક્ષના થડ સાથે બાંધી દઉં છું, જેથી તું નાસી ન શકે.'

'ભલે એમ કર.'

રત્નાકરે નારદજીને વૃક્ષના થડ સાથે દોરડાની મદદથી બાંધી દીધા, અને એમની પાસેથી વીણા તથા કરતાલ લઇને એ ઘર તરફ ચાલી નીકળ્યો.

ઘેર આવીને એણે પોતાની પત્નીને તથા બાળકોને બધી હકીકત કહી બતાવી.

સૌએ કહ્યું : 'તમારા કર્મનું ફળ તમે જાણો ને તમારે ભોગવવાનું. એને માટે એક તમે જ જવાબદાર છો. અમે એમાં ભાગ શા માટે પડાવીએ? અમે તો તમે જે લૂંટી લાવો તે ભોગવીએ ખરાં.'

'પણ મને નરક મળે તો?'

'તો શું?'

'તો તમે મારી સાથે ન આવો?'

'ના. તમને નરક મળે તો નરકમાં તમારે એકલાએ જ જવાનું. અમે શા માટે આવીએ?'

'મારા દુઃખમાં ભાગ પડાવવા.'

'અમે તો તમારા સુખમાં ભાગ પડાવીએ, દુઃખમાં નહિ.'

રત્નાકરની આંખ ઊઘડી ગઈ.

એની ભ્રમણા ભાંગી ગઈને મોહબુદ્ધિ દૂર થઈ.

ઉતાવળી ચાલે દેવર્ષિ નારદ પાસે આવીને એણે એમને બંધનમુક્ત કરીને કહ્યું : 'મને માફ કરજો. મેં તમારી વાત ન માનીને મોટી ભૂલ કરી.'

'પણ શું થયું તે તો કહે.'

રત્નાકરે બધી હકીકત કહી બતાવી. કહેતા કહેતાં એની આંખમાં આંસુ આવી ગયાં. એને પોતાનાં કુકર્મોને માટે પશ્ચાત્તાપ થઈ આવ્યો. એણે પૂજ્યભાવપૂર્વક પૂછ્યું : 'મારો ઉદ્ધાર કરવા જ આજે તમે આવી પહોંચ્યા. તમે કોણ છો?'

'મારું નામ દેવર્ષિ નારદ છે.'

'નારદ?'

'હા. નારદ.'

રત્નાકર એમના ચરણમાં પડયો.

'મેં આજ સુધી અનેક કુકર્મો કર્યાં છે. તમારા જેવા મહાન સંતપુરુષની સાથે દુર્વ્યવહાર કરીને એ કુકર્મમાં વધારો કર્યો છે. મારા જીવનનો ઉદ્ધાર કેવી રીતે થઈ શકે અથવા એ કુકર્મોમાંથી મુક્તિ કેવી રીતે મળે?' (ક્રમશઃ)

## * માનવ એક પ્રવાસી છે. *

માનવ જીવન પૂર્ણતાની પ્રાપ્તિ માટે છે. માનવ એક પ્રવાસી છે. કેટલાય જન્મોથી તે જીવનના પુણ્યપ્રવાસે નીકળ્યો છે. પ્રવાસ કરતો કરતો તે સારાં નરસાં કર્મનું ઋણ ચૂકવતો પોતાના મૂળ સ્વરૂપ પરમાત્માની પાસે તે પહોંચી જાય, ત્યારે તેનો પ્રવાસ પૂરો થાય. જે માટે આ જીવન શરૂ થયું છે તે હેતુ સિદ્ધ થાય, પછી તેને કરવા જેવું કોઈ પણ કર્મ રહેતું નથી. માણસ જન્મ લે છે તે પછી કેટલાંય કર્મો કરે છે તે બધાં કરવા જેવાં કર્મો હોય છે એમ જ નથી. કરવા જેવું કર્મ તો એક જ છે કે માણસ આ સંસારમાં આવીને પોતાના સ્વરૂપને ઓળખી લે. જન્મ ને મરણ તથા સુખ ને દુઃખના ચક્રમાં ફરતાં ફરતાં પોતે જેને ભૂલી ગયો છે, અથવા જેનાથી દૂર પડી ગયો છે, તે સંસારના સ્વામી પરમાત્માને તે ઓળખી લે. બીજાં તો બધાં કામ કે કર્મ છે તેમનાવિના ચાલી શકશે પણ પરમાત્માનો સાક્ષાત્કાર કરવાના આ કામવિના નહિ ચાલે. આ કામ કેવલ કામ કે કર્મ નથી; પણ કરવાયોગ્ય કર્મ છે તેથી ગીતાએ તેને કાર્ય કહ્યું છે.

ગીતા કહે છે કે ઈશ્વરને ઓળખીને જીવનને પરિપૂર્ણ કરવાના એ કાર્યને માટે જ જીવન મળેલું છે પણ સંસારના મોહ ને આકર્ષણથી અંજાઈ જઈને માણસો કાર્યને ભૂલી ગયા છે. પરિણામે તેના જીવનમાં ક્લેશ, શોક ને ચિંતા તથા અશાંતિએ ઘર કર્યું છે. પોતાનું ઘર મૂકીને થોડા દિવસ માટે કોઈ માણસ યાત્રાએ નીકળે, તે પોતાને ઘેર પાછો પહોંચવાને બદલે યાત્રાના જ કોઈ સ્થળમાં ઘરબાર કરીને બેસી જાય, તેવી દશા મોહમાં ડૂબેલા માણસોની છે.

**યોગેશ્વરજી**

ADHYATMA * Regd. No. GBV 113 * R.N.I.No.71957/99

## * મમતા રડાવે છે. *

મમતા અથવા આસક્તિ જ માણસને દુઃખ કરે છે, બેચેન બનાવે છે, ને રડાવે છે. જો દુન્યવી વિષયોમાં કે પદાર્થોમાં મમત્વ, રાગ કે આસક્તિના હોય તો જીવને માટે દુઃખી થવાનું, બેચેન બનવાનું કે રડવાનું કોઇ કારણ જ નથી રહેતું. મમત્વ, રાગ અથવા આસક્તિના એ બંધનને તોડવા માટે આત્મજ્ઞાનનો તેમ જ ભગવદ્-ભક્તિનો આધાર લેવાની જરૂર છે. એની દ્વારા ઈશ્વરના અસાધારણ અનુગ્રહનો લાભ મળવાથી એ બંધન કાયમ-ને કાજે કપાઈ જાય છે ને જીવન સદાને સારુ શાંત, પ્રસન્ન, મુક્ત તથા ધન્ય બને છે. બંધનને તોડીને જીવન-ને કૃતાર્થ કરવાની એ પ્રક્રિયામાં સંતસમાગમ પણ અમોઘ આશીર્વાદરૂપ ઠરે છે. એ સંતસમાગમ જેને સાંપડી જાય છે એના સૌભાગ્યનો સૂર્યોદય સોળે કળાએ ખીલી ઊઠે છે. એ પણ કોઈકને જ અને ઈશ્વરની કૃપાથી જ સાંપડી શકે છે. મહારાજા ચિત્રકેતુને સંતસમાગમનો એ દેવ-દુર્લભ લાભ મળવાનો હોવાથી એની પાસે દેવર્ષિ નારદ અને મહર્ષિ અંગિરા આવી પહોંચેલા. સંતપુરુષોનાં જીવન સૌનું અકારણ હિત કરવા માટે જ હોય છે. સૌનું મન, વચન, કર્મથી પરમકલ્યાણ કરતાં એ જગતમાં જીવતા હોય છે. એમના વિના જગતમાં જીવવા જેવું ભાગ્યે જ રહે છે.

યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાનઃ—પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧.